PRGI No. GUJGUJ/2008/26148

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

PUBLISHED GUJARATI DAILY FROM AHMEDABAD

Volume : 18
Issue : 279
Dt.: 20-06-2026,
Saturday
Page : 04
Rs.00.50 paisa








### બે જ દિવસમાં અમેરિકા-ઈરાન શાંતિ કરાર પર સંકટ

# ઈઝરાયલના ભીષણ હુમલામાં લેબેનોનમાં ૧૮ના મોત થયા

(સંપૂર્ણ સમાચાર સેવા)લેબેનોન

અમેરિકા અને ઈરાન વચ્ચે મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને ખતમ કરવા અને લેબેનોનમાં કાયમી શાંતિ સ્થાપવા માટે એક ઐતિહાસિક કરાર પર હસ્તાક્ષર થયાના બરાબર એક દિવસ પછી લેબેનોનમાં ફરી એકવાર ભીષણ હુમલાઓ થયા છે. દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલ દ્વારા રાતોરાત કરવામાં આવેલા શ્રેણીબદ્ધ એરસ્ટ્રાઈકમાં આશરે ૧૮ લોકોના મોત થયા છે અને ૩૩થી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, ઈઝરાયલી સેનાએ પણ સ્વીકાર્યું છે કે આ ઘર્ષણ દરમિયાન તેના ૪ સૈનિકો માર્યા ગયા છે. આ હિંસક વળાંકે અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી શાંતિ સમજૂતીના ભવિષ્ય સામે મોટા સવાલો ઊભા કરી દીધા છે.

ઈઝરાયલ ડિફેન્સ ફોર્સે (IDF) જણાવ્યું હતું કે તેણે ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથ હિઝબુલ્લાહ સાથે જોડાયેલા ૮૦ લક્ષ્યો પર જોરદાર હુમલા કર્યા છે અને તેના ડઝનબંધ લડવૈયાઓને ઠાર કર્યા છે. લેબેનોનની સત્તાવાર ન્યૂઝ એજન્સીએ દક્ષિણ લેબેનોનના નબાતીહ જિલ્લામાં થયેલા આ હુમલાને આ યુદ્ધના સૌથી ભીષણ હુમલાઓમાંથી એક ગણાવ્યો છે, જેમાં અનેક ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ છે. આ તરફ, હિઝબુલ્લાહે પણ હથિયાર હેઠા મૂકવાનો ઈન્કાર કરી દીધો છે.

હિઝબુલ્લાહે દાવો કર્યો છે કે તેમણે દક્ષિણ લેબેનોનમાં ઈઝરાયલી સૈન્યની ટુકડીને ઘેરીને ગાઈડેડ મિસાઈલ વડે ત્રણ ટેન્કો નષ્ટ કરી દીધી છે અને રોકેટ તેમજ તોપમારો કરીને ઈઝરાયલી સૈનિકોને નિશાન બનાવ્યા છે. આ આખો વિવાદ એવા સમયે વકર્યો છે જ્યારે ગુરુવારે જ અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ કાર્યક્રમ, પ્રતિબંધોમાં રાહત અને આગામી ૬૦ દિવસમાં અંતિમ સમાધાન શોધવાની શરતો સાથે એક મહત્ત્વપૂર્ણ શાંતિ કરાર થયો હતો. આ ડીલ તમામ મોરચે યુદ્ધવિરામ અને લેબેનોનની સાર્વભૌમત્વનું સન્માન કરવાની હાકલ કરે છે.

જો કે, ઈઝરાયલના પીએમ બેન્જામિન નેતન્યાહૂ સ્પષ્ટ કરી ચૂક્યા છે કે, અમે લેબેનોનમાંથી પોતાના સૈનિકો પાછા ખેંચવા માંગતા નથી. ઈઝરાયલનું કહેવું છે કે, હિઝબુલ્લાહ સામેની અમારી લડાઈ એ ઈરાન સાથેના યુદ્ધથી તદ્દન અલગ છે અને જ્યાં સુધી આક્રમણ ચાલુ રહેશે ત્યાં સુધી હિઝબુલ્લાહે પણ હુમલા ચાલુ રાખવાની શપથ લીધી છે. આ લશ્કરી કાર્યવાહીથી ઈઝરાયલ અને તેના સૌથી મોટા સહયોગી અમેરિકા વચ્ચેના સંબંધો વધુ વણસ્યા છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ લેબેનોનમાં ઈઝરાયલના વલણની જાહેરમાં ટીકા કરી ચૂક્યા છે અને બંને નેતાઓ વચ્ચે ફોન પર વાતચીત દરમિયાન ભારે તણાવ સર્જાયો હોવાના અહેવાલો છે.

આ દરમિયાન, શુક્રવારે યોજાનારી સીધી મંત્રણા હાલ પૂરતી ટળી ગઈ છે, કારણ કે અમેરિકન ઉપપ્રમુખ જેડી વેન્સે તેમની સ્વિટ્ઝર્લેન્ડની મુલાકાત રદ કરી દીધી છે. જેડી વેન્સે નેતન્યાહૂ સરકારના કટ્ટરપંથી મંત્રીઓ ઈતામાર બેન-ગવીર અને બેઝલેલ સ્મોટ્રિચ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપતાં જણાવ્યું કે, તમે માત્ર ૯૦ લાખની વસ્તી ધરાવતો એક નાનો દેશ છો. તમે માત્ર નરસંહાર કરીને તમારી રાષ્ટ્રીય સુરક્ષાની દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકો નહીં. ઈઝરાયલે વાસ્તવિકતા સમજવી જોઈએ અને દુનિયામાં પોતાના એકમાત્ર શક્તિશાળી મિત્ર અમેરિકા સામે આંગળી ચીંધવાનું કે તેના પર હુમલા કરવાનું તાત્કાલિક બંધ કરવું જોઈએ.

## ફૂટપાથ ઉપર ચાલવું એ નાગરિકોનો મૂળભૂત અધિકાર, નવો કાયદો બનાવો: સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે શુક્રવારે એક મહત્ત્વનો ચુકાદો આપતા જણાવ્યું કે, 'ફૂટપાથ પર ચાલવાનો અધિકાર એક મૌલિક અધિકાર છે.' કોર્ટે કેન્દ્ર સરકારને આ અંગે કાયદો બનાવવા માટે પણ કહ્યું છે. આ કાયદા દ્વારા પગપાળા ચાલતા મુસાફરો માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા અને તેની જાળવણી માટે સ્થાનિક નગર નિગમોની જવાબદારી નક્કી કરવા માટે જણાવવામાં આવ્યું છે.



જસ્ટિસ પી.એસ.નરસિમ્હા અને અતુલ એસ. ચંદુરકરની બેંચે સ્પષ્ટ કહ્યું કે, બંધારણના આર્ટિકલ 19(1)(d) અને આર્ટિકલ ૨૧ હેઠળ મુક્તપણે ફરવાના અધિકારમાં પગપાળા ચાલવાનો સમાવેશ થાય છે. આ અધિકાર મોટર વાહનોથી આવવા-જવાની તુલનામાં વધુ મહત્ત્વ ધરાવે છે. જો કોઈ નાગરિકના આ અધિકારનો ભંગ થશે, તો તે જવાબદાર સત્તાધીશો સામે કાયદાકીય પગલાં ભરીને વળતર માંગી શકશે. કોર્ટે નોંધ્યું કે, રસ્તાઓ બનાવવાની સાથે પગપાળા ચાલતા મુસાફરો માટે સારા ફૂટપાથ બનાવવાની જવાબદારી શહેરી વિકાસ સત્તામંડળ, મહાનગરપાલિકાઓ અને પંચાયતોની છે. હાલમાં આપણું નગર પ્રશાસન માત્ર વાહનો અનુકૂળ રસ્તાઓ બનાવવામાં વ્યસ્ત છે અને પગપાળા ચાલનારાઓને કિનારે ધકેલી દેવાયા છે, પરંતુ હવે એવું નહીં ચાલે. આ ચુકાદો ૨૦૧૬માં બનેલી એક માર્ગ અકસ્માતની ઘટનાના ક્લેમ કેસ દરમિયાન આવ્યો છે. શાળાએ જઈ રહેલા ૫ વર્ષના માસૂમ બાળકને પાછળથી આવતા ટેન્કરે ટક્કર મારી દીધી હતી, જેમાં તેનું મોત નીપજ્યું હતું. જે રસ્તા પર આ અકસ્માત થયો ત્યાં કોઈ ફૂટપાથ કે ક્રોસિંગની વ્યવસ્થા ન હતી. મોટર એક્સિડન્ટ ક્લેમ્સ ટ્રિબ્યુનલે (MACT) આ કેસમાં ૭.૮૨ લાખ રૂપિયાનું વળતર મંજૂર કર્યું હતું, જેને હાઈકોર્ટે ઘટાડીને ૪.૭૦ લાખ રૂપિયા કરી દીધું હતું. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના આ નિર્ણયને ભૂલભરેલો ગણાવી વળતરની રકમ વધારીને ૧૧,૪૪,૬૨૮ રૂપિયા કરી છે અને વીમા કંપનીને ૨ મહિનાની અંદર આ રકમ ચૂકવવાનો આદેશ આપ્યો છે.


## તમારાં જૂનાં બેંક ખાતામાં રાખેલાં નાણાં ભૂલી ગયાં છો?



જે તમારાં છે એ પાછાં મેળવવામાં આરબીઆઈ તમને સહાયતા કરશે.

તમારી બેંકના નિષ્ક્રિય ખાતાંમાં (2 વર્ષ કરતાં વધારે અને 10 વર્ષ સુધી નિષ્ક્રિય રહેલાં) રહેલાં નાણાં/ દાવો ના કરાયેલ ડિપોઝિટ (10 વર્ષથી અધિક) આરબીઆઈના ડીઈએ ખાતામાં ટ્રાન્સફર થાય છે. તમે અથવા તમારા કાયદાકીય વારસદાર ગમે ત્યારે દાવો કરી શકે છે.

### તમારાં નાણાં માટે દાવો કરવાનાં 3 સરળ પગલાં

1. તમારી બેંકની કોઈપણ શાખાની મુલાકાત લો, એ ભલે તમારી નિયમિત શાખા ના હોય તો પણ
2. કેવાયસી દસ્તાવેજોની (આધાર, પાસપોર્ટ, વોટર આઈડી, અથવા ડ્રાઈવિંગ લાયસન્સ) સાથે ફોર્મ જમા કરો
3. ચકાસણી પછી, જો કોઈ હોય તો, તમારાં નાણાં વ્યાજ સહિત મેળવો.




### તમારી દાવો ના કરાયેલ ડિપોઝિટ શોધવા

તમારી બેંકની વેબસાઈટ સર્ચ કરો અથવા આરબીઆઈનું UDGAM પોર્ટલ તપાસો (https://udgam.rbi.org.in) જેમાં હાલમાં 30 બેંક આવરી લેવામાં આવી છે.

ક્યૂઆર કોડ સ્કેન કરો

વધુ વિગતો માટે: https://rbikehtahai.rbi.org.in મુલાકાત લો
પ્રતિસાદ માટે, rbikehtahai@rbi.org.in પર લખી મોકલો
અધિકૃત વોટ્સએપ નંબર 99990 41935

જનહિતમાં જારીકર્તા
भारतीय रिज़र्व बैंक
RESERVE BANK OF INDIA
www.rbi.org.in


### બ્રિટિશની બજારોમાં છવાશે ભારતનો સામાન

# ભારત અને યુકે ડીલથી પાકિસ્તાન-બાંગ્લાદેશ હેરાન

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને યુનાઈટેડ કિંગડમ (UK) વચ્ચે આગામી મહિનાની ૧૫ તારીખથી બહુપ્રતીક્ષિત મુક્ત વ્યાપાર કરાર (FTA) સંપૂર્ણપણે અમલમાં આવવા જઈ રહ્યો છે. આ ઐતિહાસિક સમજૂતીના કારણે ગ્લોબલ માર્કેટમાં ભારતની તાકાતમાં મોટો વધારો થશે અને બ્રિટિશ બજારોમાં 'મેડ ઈન ઈન્ડિયા' ઉત્પાદનોનો દબદબો જોવા મળશે. આ ડીલ લાગુ થતાં જ ભારતીય નિકાસકારોને કાપડ, ચોખા અને ફાર્મા સેક્ટરમાં ભારે ટેક્સ છૂટ મળશે. જોકે, આ મોટા ફેરફારથી પડોશી દેશો પાકિસ્તાન અને બાંગ્લાદેશના વ્યાપારને જોરદાર આંચકો લાગવો બિલકુલ નક્કી માનવામાં આવી રહ્યો છે.

અત્યાર સુધી બ્રિટનના રેડીમેડ ગાર્મેન્ટ્સ (કાપડ) માર્કેટમાં બાંગ્લાદેશનો મોટો હિસ્સો રહ્યો છે. પરંતુ આ કરાર બાદ યુકેમાં બાંગ્લાદેશના કુલ નિકાસ પર સીધી કાપ મૂકાશે, જેનાથી તેના આશરે ૨૯૮.૨ મિલિયન ડૉલરના નિકાસ પર ખતરો મંડાશે.

આ નુકસાનમાં સિંહફાળો એટલે કે ૨૮૮.૭ મિલિયન ડૉલર માત્ર ટેક્સટાઈલ સેક્ટરમાંથી જ હશે. હવે ભારતીય કાપડ ઉત્પાદનોને ટેક્સમાં મોટી રાહત મળવાને કારણે બ્રિટિશ ખરીદદારો ભારત તરફ વળશે, જેનાથી બાંગ્લાદેશનો બનેલો-બનાવેલો બિઝનેસ ખોરવાઈ જશે. એક અંદાજ મુજબ, બાંગ્લાદેશના કુલ નિકાસમાં લગભગ ૬ ટકાનો ઘટાડો થઈ શકે છે.ગ્લોબલ રાઈસ માર્કેટમાં ભારત પહેલેથી જ અગ્રેસર રહ્યું છે. વર્ષ ૨૦૨૫ના આંકડા અનુસાર, ભારતે યુકેને ૧૪૯.૮મિલિયન ડૉલરના ચોખા વેચ્યા હતા, જ્યારે તેની સામે પાકિસ્તાન માત્ર ૪૩.૩ મિલિયન ડૉલર સુધી જ સીમિત રહ્યું હતું.

હવે એફટીએ (FTA) લાગુ થવાથી ભારતીય ચોખા યુકેમાં વધુ સસ્તા થશે, જેના કારણે પાકિસ્તાન માટે ત્યાં ચોખા વેચવા લગભગ અશક્ય બની જશે. આ કરારના લીધે પાકિસ્તાનના અંદાજે ૩૮.૫ મિલિયન ડૉલરના ચોખાના વેપાર પર સીધી અસર પડશે અને તેના કુલ નિકાસને ૨ ટકાનો ફટકો પડશે.

આ કરારનો ફાયદો માત્ર કાપડ કે ચોખા પૂરતો મર્યાદિત નથી, પ્રોસેસ્ડ ફૂડ અને ફાર્માસ્યુટિકલ્સ (દવા) ક્ષેત્રે પણ ભારતીય કંપનીઓ ધૂમ મચાવશે.

ભારતની દવાઓ પહેલેથી જ વિશ્વભરમાં પ્રખ્યાત છે અને યુકેમાં 'ડ્રગ ફોર્મ્યુલેશન' કેટેગરીમાં ભારતનો નિકાસ ૮૮૦ મિલિયન ડૉલરને પાર રહ્યો છે. નિષ્ણાતોના મતે, આ મુક્ત વ્યાપાર કરાર માત્ર ભારત કે યુકેના દ્વિપક્ષીય વેપારને જ નહીં વધારે, પરંતુ સમગ્ર એશિયાથી યુરોપ તરફ થતા નિકાસના માળખાને બદલી નાખશે, જેનાથી ભારત માટે યુરોપના વિશાળ બજારના દ્વાર ખુલશે.

## તંત્રી લેખ......

### યુકેના રાજકારણમાં ઉલટફેર

બ્રિટનના રાજકારણમાં ફરી એકવાર મોટા પાયા પર નેતૃત્વ પરિવર્તનના સંકેતો મળી રહ્યા છે. લેબર પાર્ટીના દિગ્ગજ નેતા અને ગ્રેટર માન્ચેસ્ટરના મેયર એન્ડી બર્નહેમે સંસદીય પેટાચૂંટણીમાં ભવ્ય વિજય મેળવ્યો છે. આ જીત બાદ વડાપ્રધાન કિર સ્ટાર્મરની મુશ્કેલીઓમાં વધારો થયો છે. બ્રિટિશ રાજકારણમાં એન્ડી બર્નહેમ 'કિંગ ઑફ ધ નોર્થ' તરીકે ખૂબ જ લોકપ્રિય છે. ઉત્તરી ઇંગ્લેન્ડની મેકરફિલ્ડ બેઠક પર યોજાયેલી આ પેટાચૂંટણીમાં બર્નહેમે ૫૪.૮% મતો મેળવીને શાનદાર જીત નોંધાવી છે. તેમણે નિગેલ ફરાજની પાર્ટી 'રિફોર્મ યુકે'ના ઉમેદવારને મોટા માર્જિનથી હરાવ્યા છે, જેમને માત્ર ૩૪.૫% મતો મળ્યા હતા. રાજકીય વિશ્લેષકોના મતે આ વિજય માત્ર એક સામાન્ય બેઠકની જીત નથી, પરંતુ લેબર પાર્ટીની અંદર વડાપ્રધાન પદના નેતૃત્વ પરિવર્તનની શરૂઆત હોઈ શકે છે. આ શાનદાર જીત મેળવ્યા બાદ એન્ડી બર્નહેમે તેને બ્રિટિશ રાજકારણ માટે એક 'ટર્નિંગ પોઈન્ટ' ગણાવ્યો હતો. તેમણે પોતાના સંબોધનમાં સ્પષ્ટ કર્યું હતું કે દેશને એવી રાજનીતિથી બચાવવાની જરૂર છે જે સમાજમાં ભાગલા પાડે છે. બર્નહેમે સંકેત આપ્યો હતો કે તેઓ દેશને અમેરિકા જેવી ધ્રુવીકરણ (પોલરાઈઝ્ડ) વાળી રાજનીતિની દિશામાં જવા દેવા માંગતા નથી.

૫૬ વર્ષના બર્નહેમ લાંબા સમયથી લેબર પાર્ટીના મુખ્ય ચહેરાઓમાંથી એક રહ્યા છે. તેઓ જાહેર સેવાઓના ખાનગીકરણના કડક આલોચક રહ્યા છે અને તેમણે અનેકવાર ખુલ્લેઆમ કહ્યું છે કે છેલ્લા ચાર દાયકાની આર્થિક નીતિઓ સામાન્ય જનતા માટે નિષ્ફળ સાબિત થઈ છે. તેમણે એ પણ સ્પષ્ટ કરી દીધું છે કે જો ભવિષ્યમાં પાર્ટી નેતૃત્વ માટે ચૂંટણી યોજાશે, તો તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર બનવા માટે સંપૂર્ણ તૈયાર છે. બીજી તરફ બ્રિટનના વર્તમાન વડાપ્રધાન કિર સ્ટાર્મરની લોકપ્રિયતામાં સતત મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. બે વર્ષ પહેલા ભારે બહુમતી સાથે સત્તા પર આવેલા સ્ટાર્મર આજે બ્રિટનના ઈતિહાસના સૌથી અલોકપ્રિય વડાપ્રધાનોમાં ગણાવા લાગ્યા છે. સતત વિવાદો, નીતિઓમાં વારંવાર બદલાવ અને મહત્ત્વના નિર્ણયો લેવામાં વિલંબ જેવા આરોપોને કારણે તેમની છબી ખરડાઈ છે. ગત મહિને યોજાયેલી સ્થાનિક ચૂંટણીઓમાં પણ લેબર પાર્ટીને મોટો ઝટકો લાગ્યો હતો, જેના કારણે પક્ષના આશરે ચોથા ભાગના સાંસદોએ સ્ટાર્મર પાસે રાજીનામું માંગી લીધું છે. એટલું જ નહીં, દેશના સંરક્ષણ મંત્રી અને આરોગ્ય મંત્રી સહિતના કેટલાક વરિષ્ઠ નેતાઓએ પણ તેમના નેતૃત્વ સામે સવાલો ઉઠાવીને પોતાના પદો પરથી રાજીનામા આપી દીધા છે. પક્ષની અંદર તીવ્ર વિરોધ અને દબાણ હોવા છતાં, વડાપ્રધાન કિર સ્ટાર્મર હજુ પણ પાછળ હટવાના મૂડમાં દેખાતા નથી. તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ પક્ષની અંદર નેતૃત્વ માટેની કોઈપણ ચૂંટણીનો સામનો કરવા તૈયાર છે અને પક્ષે આંતરિક લડાઈથી બચવું જોઈએ. જોકે, એન્ડી બર્નહેમની આ તાજી અને મોટી જીત બાદ સ્ટાર્મર પર પદ છોડવાનું દબાણ ખૂબ વધી ગયું છે. જો લેબર પાર્ટીમાં નેતૃત્વ પરિવર્તન થશે, તો બ્રિટનને છેલ્લા એક દાયકામાં સાતમા વડાપ્રધાન મળશે. આટલા ટૂંકા ગાળામાં વારંવાર વડાપ્રધાન બદલાવા તે બ્રિટિશ રાજકારણમાં ચાલી રહેલી ગંભીર અસ્થિરતા તરફ ઈશારો કરે છે.

# હવે પોલીસ સ્ટેશને અકસ્માત થનાર પરીવારજનોને અકસ્માતના કાગળો લેવા માટે ધકકા ખાવા નહી પડેઃ ગુજરાતમાં વાહન અકસ્માતના કિસ્સામાં રાહત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં વાહન અકસ્માતના કિસ્સામાં અકસ્માતનો ભોગ બનનાર વ્યકિત અથવા તેમના વારસદારો માટે રાજય માહિતી આયોગ દ્વારા એક મહત્વપૂર્ણ અને રાહતરૂપ નિર્ણય લેવામાં આવ્યો છે. અકસ્માતના કેસોમાં પોલીસ સ્ટેશને ધકકા ખાતા લોકોને હવે મોટી રાહત મળશે. કારણ કે આયોગે પોલીસ તંત્રને આદેશ આપ્યો છે કે અકસ્માતને લગતી તમામ મહત્વની વિગતો અને દસ્તાવેજો અરજદારને સામેથી વિનામુલ્યે પુરા પાડવામાં આવે,

અત્યાર સુધી અકસ્માતમાં મૃત્યુ પામેલા વ્યકિતના વારસદારોને પોલીસ પાસે માહિતી મેળવવા માટે ભારે હાલાકી ભોગવવી પડતી હતી. ઘણીવાર વળતર કે વીમાના દાવા માટે જરૂરી એવા પુરાવા મેળવવા માટે લોકોને લાંબો સમય અને સંઘર્ષ કરવો પડતો હતો. હવે માહિતી આયોગના આ નવા હુકમથી લોકો ઘરે બેઠા જ નિર્ધારીત સમય મર્યાદામાં જરૂરી અહેવાલો મેળવી શકશે, આ આદેશ મુજબ પોલીસ તંત્રએ અકસ્માતની એફઆઈઆર (પ્રથમ માહિતી અહેવાલ) પંચનામુ, એફએસએલ રીપોર્ટ, મરણોત્તર




પંચનામુ અને પીએમ રીપોર્ટ જેવી ૧૪ જેટલી મહત્વની વિગતો અરજદારને આપવાની રહેશે. આ નિર્ણય એક કિસ્સાના આધારે લેવામાં આવ્યો છે. જેમાં કામરેજ પોલીસ સ્ટેશનમાં અકસ્માતનો ભોગ બનનારના વીમા એજન્ટે માહિતી માંગી હતી, પરંતુ તેમને યોગ્ય પ્રતિસાદ મળ્યો ન હતો, આ મામલો આયોગ સમક્ષ પહોચતા આ ક્રાંતિકારી આદેશ બહાર પાડવામાં આવ્યો છે.

આયોગે સ્પષ્ટ કહ્યુ છે કે સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ તપાસ અધિકારીએ અકસ્માતની વિગતો નિર્ધારીત સમયમાં મોકલવી અનિવાર્ય છે, જેમાં પ્રથમ અકસ્માત અહેવાલના ૪૮ કલાકમાં, વચગાળાના અહેવાલ ૬૦ દિવસમાં અને વિગતવાર અહેવાલ ૯૦ દિવસમાં અકસ્માતનો ભોગ બનનાર અથવા તેમના વારસદારોને કોઈપણ ચાર્જ વગર પુરા પાડવા પડશે. આ ઉપરાંત આ સમગ્ર પ્રક્રિયાનુ મોનીટરીંગ કરવા માટે સ્ટેટ ટ્રાફીક બ્રાન્ચના અધિકારીઓને નિયમિત સમિક્ષા કરવા માટે પણ સુચના આપવામાં આવી છે. આ નિર્ણયથી ગુજરાતના સામાન્ય નાગરીકો માટે ન્યાય મેળવવાની પ્રક્રિયા વધુ સરળ અને પારદર્શક બનશે. જેનાથી લાખો પરીવારોને ફાયદો થશે. પોલીસ સ્ટેશનો એ હવે પોતાની કાર્ય પધ્ધતિમાં સુધારો કરીને આ સુવિધાને ઓનલાઈન અથવા નિયત સમયમાં ઉપલબ્ધ કરાવવાની રહેશે. જેથી અરજદારોએ વારંવાર પોલીસ સ્ટેશનના ધકકા ખાવા ન પડે.

# અરવલ્લી જિલ્લામાં ભુમાફીયાઓનો રાફડો ફાટયોઃ શિણોલ ગામની ખેડુતોની જમીનો ખોટા દસ્તાવેજોથી પચાવ્યાનો આક્ષેપઃ નોંધમાં ગેરરીતિની તપાસની માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અરવલ્લી જિલ્લામાં તંત્રની મીલીભગતથી ભુમાફીયાઓનો રાફડો ફાટી નિકળ્યો હોવાની ફરીયાદો ઉઠી રહી છે.

જિલ્લામાં ભુમાફીયાઓ અને ભ્રષ્ટ અધિકારીઓની મીલીભગત સામે કિસાન સભા અને ખેડુતોએ ઉગ્ર મોરચો માંડયો છે. ખેડુતોની કિંમતી જમીનો ખોટા દસ્તાવેજોના આધારે પડાવી લેવામાં આવી હોવાના ગંભીર આક્ષેપો સાથે આજે શુક્રવારે જિલ્લા કલેકટરને એક સવિસ્તર આવેદનપત્ર આપવામાં આવ્યુ હતું.

ખેડુતોનો આરોપ છે કે જિલ્લામાં મોટાપાયે જમીન કૌભાંડ ચાલી રહ્યુ છે. જેમાં વરસો જુના દસ્તાવેજોનો દુરુપયોગ કરીને એક જ જમીનના બે-બે વખત વેચાણ કરવામાં આવ્યા હોવાના ચોકાવનારા દાવા કરવામાં આવ્યા છે. જિલ્લાના શિણોલ ગામની જમીનોના વેચાણ અને તેની ફેરફાર નોંધોમાં વ્યાપક ગેરરીતિઓ થઈ




હોવાની વિગતો બહાર આવી છે. જેની તટસ્થ અને ઉંડી તપાસ કરવાની માંગ ઉઠી છે. ઉપરાંત માલપુર તાલુકાના અનેક સર્વે નંબરોમાં પણ ભુમાફીયાઓ દ્વારા ગેરકાયદેસર રીતે કબ્જા જમાવી લેવામાં આવ્યા હોવાની ફરીયાદો ઉઠી છે.

ખેડુતોએ વહિવટી તંત્રની ઉદાસીનતા સામે પણ નારાજગી વ્યકત કરી છે. ખેડુતોએ રજુઆતમાં એવો પણ આક્ષેપ કર્યો હતો કે બાયડ કલેકટર કોર્ટમાં ચાલી રહેલા જમીનના કેસોની તારીખો સમયસર અપડેટ કરવામાં આવતી નથી, જેના કારણે ખેડુતોને ન્યાય મેળવવામાં ભારે વિલંબ અને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

કિસાન સભા અને પીડીત પરીવારોએ આ સમગ્ર રેકેટમાં સંડોવાયેલા તમામ ભુમાફીયાઓ અને તેમને છાવરતા ભ્રષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવાની માંગ કરી છે.

ખેડુત નેતાઓએ ચીમકી ઉચ્ચારી છે કે જો આ મામલે વહેલી તકે તટસ્થ તપાસ કરી દોષિતો સામે પગલા ભરવામાં નહી આવે તો સમગ્ર અરવલ્લી જિલ્લા વ્યાપી ઉગ્ર ખેડુત આંદોલન કરવામાં આવશે.

# ગરમીના કારણે ખેડુતોના પાક સુકાવવાની ભીતીઃ પાણી અને વીજળી માટે ધરતીપુત્રોની મુખ્યમંત્રીને રજુઆત

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ગત વરસે વરસાદ ખેંચાયો હોય તેવા ૬ જિલ્લામાં રાજય સરકારે ૮ કલાકને બદલે ૧૦ કલાક વીજળી આપવાનો નિર્ણય લીધો હતો. હવે ચાલુ વરસે પણ અલનીનોની સ્થિતિને કારણે ચોમાસુ રાજયમાં વિલંબ થી પહોચે તેવી સ્થિતિ છે.

હાલમાં કાળઝાળ ગરમીમાં જળાશયોમાં પાણી સુકાઈ રહ્યા છે. ત્યારે ખેડુતોના પાક સુકાઈ જવાની પણ ભીતી સેવાઈ રહી છે. ત્યારે ભારતીય કિસાન સંઘે રાજય સરકારને પત્ર લખીને સિંચાઈનુ પાણી અને વીજળી આપવાની માંગ કરી છે. ભારતીય કિસાન સંઘે રાજયના મુખ્યમંત્રી અને ઉર્જા મંત્રીને સંબોધીને એક પત્ર લખ્યો છે. આ પત્રમાં જણાવાયુ છે કે જો આગામી દિવસોમાં ખેતી પાકને પુરતુ પાણી નહી મળે તો મોટુ નુકશાન થઈ શકે તેમ છે.

ખેડુતોની આર્થિક સ્થિતિ અને મહેનત એળે ન જાય તે માટે સરકારે તાત્કાલીક પગલા ભરવા અનિવાર્ય છે. ગરમીમાં સુકાઈ રહેલા પાકને બચાવવા માટે નર્મદા નહેરના પાણીનો ઉપયોગ કરી સ્થાનિક સ્તરે ગામડાના તળાવો અને ચેકડેમો ભરી દેવામાં આવે જેથી કટોકટીના સમયે ખેડુતો સિંચાઈ કરી શકે. હાલમાં




ખેડુતોને ખેતીવાડી માટે રોજના ૮ કલાક વીજળી આપવામાં આવે છે. કિસાન સંઘે વિનંતી કરી છે કે આ કપરા સમયમાં વીજ પુરવઠો વધારીને ૮ કલાકના બદલે ૧૦ કલાક આપવામાં આવે જેથી ખેડુતો કુવા કે ટયુબવેલ મારફતે પાકને સમયસર સિંચાઈનુ પાણી આપી શકે, ખેડુતોએ મોંઘા ભાવના બિયારણ અને ખાતર લાવીને વાવણી તો કરી દીધી છે, હવે વરસાદ ખેંચાતા ખેડુતોના જીવ તાળવે ચોંટયા છે. જો સરકાર વીજળી અને પાણીની યોગ્ય વ્યવસ્થા કરી આપે તો ખેડુતોએ વાવેલો પાક બચી શકશે.

## જેલમાંથી છૂટેલી મહિલાઓની દરકાર કોઈ નથી રાખતું, આ સમાજની કરૂણતાઃ હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજયભરની જેલોમાં મહિલા કેદીઓ માટે ઓપન કરેક્શનલ ઈન્સ્ટિટ્યુશન-OCI (ખુલ્લી જેલ) અને પુનઃ ઉત્થાન માટે ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસે ચિંતા વ્યકત કરી છે. ખંડપીઠે એવી ટકોર કરી હતી કે, મહિલા કેદીઓ સમાજમાં ઝડપથી નવેસરથી શરૂઆત કરી શકે તે માટે સરકારે યોજના લાવવી જોઈએ. મહિલાઓ આર્થિક રીતે સ્વતંત્ર ન હોવાથી સમાજ તેમને ગંભીરતાથી લેતો નથી. સ્ટેટ લીગલ સર્વિસ કમિટીને ૪ સપ્તાહમાં રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. એડવોકેટ ગૌતમ જોશીએ એવી રજૂઆત કરી હતી કે, મહિલા કેદીઓના માનસિક સ્વાસ્થ્ય માટે તેમને મેન્ટલ ટ્રેઈનિંગની જરૂર છે. ચીફ જસ્ટિસે એવી ટકોર કરી હતી કે, સમાજમાંથી પાછી પડી ગયેલી વ્યકિતને સમાજ તો ઠીક પણ તેમની અંગત વ્યકિત પણ સ્વીકારતી નથી. ત્યારે તેમની માનિસક હાલત વધુ દયનીય થઈ જાય છે અને જેલમાંથી બહાર નીકળેલી મહિલાઓની દરકાર કોઈ રાખતું નથી. આપણા સમાજની એ કરૂણતા છે. હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, સરકારે આવી મહિલાઓ માટે યોગ્ય ભૂમિકા ભજવવી જોઈએ. સરકાર તરફે એડવોકેટ જનરલે મોનિટરીંગ કમિટીનો રિપોર્ટ કોર્ટમાં રજૂ કર્યો હતો. તેમણે એવી રજૂઆત કરી હતી કે, ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવી છે અને સુપ્રીમકોર્ટના નિર્દેશ મુજબ તેનું પાલન કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેલમાં મનોચિકિત્સકની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. કોર્ટે કહ્યુ કે, મહિલાઓને તેમનું આત્મ સન્માન પાછું મળવુ જોઈએ. સાબરમતી જેલમાં અમારી વિઝીટ દરમિયાન જોયુ છે કે કેદીઓ ઘણા સારા કામ કરી રહ્યા છે. તેઓ પેઈન્ટીંગ પણ સારા બનાવે છે.

CCTVમાં મોઢામાં માનવ પગ લઈને શ્વાન દોડતો દેખાયો

# સિંહનો શિકાર બનેલા યુવકનું ૪ દિવસે વધુ એક માનવ અંગ મળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજુલા

રાજુલામાં ગત ૧૫ જૂનના રોજ એક સિંહે પરપ્રાંતિય યુવક પર હુમલો કરી તેને પોતાનો શિકાર બનાવ્યો હતો. તપાસ દરમિયાન યુવકનું માત્ર માથું અને હાડકા મળ્યા હતા, જેના ૪ દિવસ બાદ એક CCTV સામે આવ્યા છે. જેમાં એક શ્વાન મોઢામાં પગ લઈને દોડતો દેખાઈ રહ્યો છે. આ ઘટનાને લઈ ફરી તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

આજરોજ સિંહણના હુમલાના ૪ દિવસ બાદ એક CCTV વાયરલ થઈ રહ્યાં છે. જ્યાં બનાવ સ્થળ વિસ્તારમાં આવેલા પાવર પ્લાન્ટમાં એક શ્વાન મોઢામાં પગ લઈને દોડતો કેમેરામાં કેદ થયો છે. આ CCTV ગુજરાત પાવર પ્લાન્ટ કંપનીના છે, જેમાં કપાયેલ પગ લઈ શ્વાન જતો દેખાયો હતો. જેને લઈ રાજુલા રેન્જ વનવિભાગે તપાસ હાથ ધરી કપાયેલા પગને કબજે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. જેને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવશે.

રાજુલા તાલુકામાં આવેલા કોવાયા ગામમાં સિંહણે યુવાનને શિકાર બનાવ્યો હતો. વહેલી સવારે ત્રણ વાગ્યાના અરસામાં સિંહણ યુવકને ખેંચીને લઈ ગઈ હતી. જ્યાં તેણે યુવકનું માથું અલગ કરી નાખ્યું હતું અને આખું શરીર ફાડી ખાધું હતું.

સવારે ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા, જ્યાં માત્ર ખોપરી અને હાડકાના અવશેષો દેખાયા હતા.

ઘટના બન્યા બાદ સ્થાનિક પોલીસ અને રાજુલા રેન્જ વનવિભાગની ટીમે ઘટના સ્થળે પહોંચીને વધુ તપાસ શરૂ કરી હતી. જ્યાં વનવિભાગની સખત મહેનત બાદ ગણતરીના કલાકોમાં જ એક સિંહણને ટાંક્યુલાઈઝ કરી પાંજરે પુરવામાં મોટી સફળતા મળી હતી.

જેના બે દિવસ રહીને સોશિયલ મીડિયામાં બે વીડિયો વાયરલ થયા હતા.

નોળિયો કરડવાથી હડકવા થયો હતો

# તબીબની ગંભીર બેદરકારીને કારણે મહિલાનું કરુણ મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)પાલનપુર

બનાસકાંઠાના પાલનપુરથી એક અત્યંત ચોંકાવનારો અને આંખ ઉઘાડનારો કિસ્સો સામે આવ્યો છે. સામાન્ય રીતે કૂતરો કે બિલાડી કરડવાથી હડકવા થતો હોવાનું આપણે સાંભળ્યું છે, પરંતુ રાજસ્થાનની એક મહિલાનુ નોળિયો કરડવાથી હડકવા ઉપડતા પાલનપુરની બનાસ જનરલ હોસ્પિટલમાં સારવાર દર્મિયાન કરુણ મોત નીપજ્યું છે. આ ઘટના પાછળ રાજસ્થાનના સરકારી તબીબોની ગંભીર બેદરકારી પણ સામે આવી છે.

રાજસ્થાનના સિરોહી જિલ્લાના વતની ધાર્મીબેન નામના મહિલાને ગત ૧૭મી જૂનના રોજ પાલનપુરની સિવિલ હોસ્પિટલ એટલે કે બનાસ જનરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ દર્દીની સ્થિતિ એટલી ગંભીર હતી કે, તેમની સામે પીવાનું પાણી ધરવામાં આવતા જ તેઓ અત્યંત ગભરાઈ જતા હતા અને તેમના શરીરમાં અચાનક ખેંચ આવવા લાગતી હતી. ડોક્ટરોએ તપાસ કરતા આ હડકવાના લક્ષણો હોવાનું માલૂમ પડ્યું હતું. જ્યારે હોસ્પિટલના તબીબોએ દર્દીના પરિવારજનોની પૂછપરછ કરી, ત્યારે જે હકીકત સામે આવી તે સ્તબ્ધ કરી દે તેવી હતી. આશરે દોઢ મહિના પહેલા ધાર્મીબેનને એક નોળિયો કરડ્યો હતો. જે બાદ તેઓ સિરોહીની સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ગયા હતા. ત્યાં તેમને હડકવાની રસીનો માત્ર એક જ ડોઝ આપવામાં આવ્યો હતો. જ્યારે તેઓ બીજો ડોઝ લેવા ગયા, ત્યારે ત્યાંના તબીબોએ એમ કહીને ઈન્જેકશન આપવાની ના પાડી દીધી કે 'આ તો નોળિયો કરડ્યો છે, આનાથી કાંઈ ન થાય!' તબીબોની આ જ સલાહ ધાર્મીબેન માટે કાળ સાબિત થઈ. રસીનો કોર્સ અધૂરો રહેવાના કારણે દોઢ મહિના બાદ ધાર્મીબેનને હડકવા ઉપડ્યો હતો. તબીબોના જણાવ્યા અનુસાર, એકવાર હડકવાના લક્ષણો દેખાયા પછી સમગ્ર વિશ્વમાં તેની કોઈ દવા કે ઈલાજ ઉપલબ્ધ નથી અને દર્દીનું મોત નિશ્ચિત હોય છે. ગત રાત્રે ધાર્મીબેનનું પણ કરુણ મોત નીપજ્યું છે. તબીબી પુસ્તકો અનુસાર, ઉંદર અને ચામાચીડિયા સિવાયનું કોઈ પણ સ્તનધારી પ્રાણી જો કરડે, તો હડકવાની રસીના તમામ ડોઝ નિયમ મુજબ લેવા અત્યંત અનિવાર્ય છે. પાલનપુરની આ ઘટના અન્ય તમામ લોકો અને તબીબો માટે એક મોટો પાઠ છે કે રસીકરણમાં ક્યારેય પણ આવી બેદરકારી ન દાખવવી જોઈએ. ડો. સુનીલ જોશી અનુસાર, હડકવો એકવાર લાગી જાય પછી આજની તારીખે તબીબી વિજ્ઞાન પાસે તેનો કોઈ અસરકારક ઈલાજ ઉપલબ્ધ નથી. વાયરસ મગજમાં જઈને 'નેગ્રી બોડી' નામના ફેરફારો પેદા કરે છે, જેના કારણે મગજ પર ગંભીર અસર થાય છે અને ધીમે ધીમે દર્દીની સ્થિતિ બગડતી જાય છે.

# અમદાવાદના દાણીલીમડામાં બિહારથી આવેલી યુવતિને ગર્ભવતી બનાવી તરછોડી મુકીઃ ઈસનપુરમાં અંગત ફોટા વાયરલ કરવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યુ

### બિહારથી લગ્ન પ્રસંગમાં આવેલી યુવતિને ગર્ભવતી બનાવનાર દાનિસ શેખની ધરપકડઃ ઈસનપુરમાં ૧૩ વરસ જુના પરિચિતે અંગત ફોટા વાયરલ કરવાની ધમકી આપી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

અમદાવાદ શહેરમાં મહિલાઓને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યુ હોવાની બે ચોંકાવનારી ઘટનાઓ બહાર આવી છે. શહેરના દાણીલીમડા અને ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા આ કિસ્સાઓમાં પરિચિતોએ જ વિશ્વાસઘાત કરીને મહિલાઓનુ વરસો સુધી શારીરિક શોષણ કર્યુ હોવાનુ બહાર આવ્યુ છે. બંને મામલાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક પોલીસે ત્વરીત એકશન લેતા ગણતરીના કલાકોમાં




જ બંને નરાધમ આરોપીઓને જેલના સળીયા પાછળ ધકેલી દીધા છે. દાણીલીમડા વિસ્તારમાંથી બહાર આવેલા કિસ્સામાં બિહારથી અમદાવાદમાં પોતાના પરિચિતના ઘરે લગ્ન પ્રસંગમાં આવેલી એક યુવતિને સ્થાનિક યુવકે પોતાની પ્રેમજાળમાં ફસાવી હતી, પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ દાનિસ શેખ તરીકે થઈ છે. જે છુટક મજુરી કામ કરે છે, દાનિસે યુવતિ સાથે મિત્રતા કેળવી તેને લગ્નની ખોટી લાલચ આપી હતી અને તેની મરજી વિરૂધ્ધ અવાર નવાર શારીરિક સંબંધો બાંધ્યા હતા. આ સતત શારીરિક શોષણના કારણે પીડીતા ગર્ભવતી બની ગઈ હતી, ગર્ભ રહી ગયા બાદ જયારે તેણે દાનિસ સામે લગ્નનો પ્રસ્તાવ મુકયો , ત્યારે આરોપીએ સાફ ઈન્કાર કરી દીધો હતો, ગભરાયેલી યુવતિ બિહાર પરત ફરી હતી, જયાં તેની તબિયત લથડતા માતાએ પુછપરછ કરી અને સમગ્ર મામલો બહાર આવ્યો હતો. માતા તાત્કાલીક પુત્રીને લઈને અમદાવાદ આવી પહોચી હતી અને દાણી લીમડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુન્હો નોંધી આરોપી દાનિસ ની ધરપકડ કરી આગળની તબીબી તપાસ હાથ ધરી છે. તો અન્ય એક ઘટનામાં ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાઈ છે. જેમાં લગ્નની લાલચ આપી તેમજ અંગત ફોટા અને વિડીયો વાયરલ કરવાની ધમકી આપીને એક પરિણિતા સાથે વરસો સુધી શારીરિક શોષણ કરવામાં આવ્યુ છે. ભોગ બનનાર પરિણિતા અને બોપલ વિસ્તારનો આરોપી જય પ્રમુખભાઈ પટેલ છેલ્લા ૧૩ વરસથી એકબીજાના પરીચયમાં હતા અને ભુતકાળમાં એક જ જગ્યાએ નોકરી કરતા હતા. બંનેના અલગ અલગ જગ્યાએ લગ્ન થઈ ગયા હોવા છતાં, આરોપી જય પટેલે પરિણિતાનો પીછો છોડયો ન હતો, આરોપીએ તેની જુની અંગત પળોના ફોટા-વિડીયો સોશીયલ મીડીયા પર વાયરલ કરવાની ધમકી આપી પીડીતાને બ્લેક મેલ કરવાનુ શરૂ કર્યુ હતું. તે પરિણિતાને અમદાવાદ ઉપરાંત રાજસ્થાન અને દિલ્હી જેવા અલગ અલગ સ્થળોએ લઈ જઈને શારીરિક શોષણ કરતો રહ્યો હતો, હદ તો ત્યારે થઈ જયારે આરોપીએ પરિણિતાના પતિ ને જ તેના અંગત ફોટા મોકલીને સંબંધો તોડવાનો પ્રયાસ કર્યો. પતિને હકીકતની જાણ થતા પરીવારે હિંમત દાખવી ઈસનપુર પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. પોલીસે આઈટી એકટ અને દુષ્કર્મની કલમો હેઠળ ગુન્હો નોંધી આરોપી જય પટેલની ધરપકડ કરી તેનો મોબાઈલ જપ્ત કર્યો છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

PRGI NO. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

### રાજ્યપાલશ્રીએ સફળ પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા

# ચીખલી તાલુકાના સુરખાઈ ગામે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાયો પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ: પ્રાકૃતિક કૃષિને વ્યાપક બનાવવા આપ્યું માર્ગદર્શન

## પ્રાકૃતિક કૃષિમાં ભરોસો દ્રઢ કરવા અને પોતાના પરિવાર માટે જમીનના એક ભાગમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરવા ખેડૂતોને રાજ્યપાલનો અનુરોધ

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારના યશસ્વી ૧૨ની વર્ષની પૂર્ણતાની ઉજવણીના ભાગરૂપે વિકસિત ભારત સંકલ્પ સંમેલન અંતર્ગત રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નવસારી જિલ્લાના ચીખલી તાલુકાના સુરખાઈ ગામે આયોજિત પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિને વ્યાપક બનાવવા માર્ગદર્શન આપ્યું હતું.

જ્ઞાનકિરણ ધોડિયા સમાજની વાડી ખાતે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આયોજિત આ પરિસંવાદમાં પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન વેચાણના વિવિધ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનની રાજ્યપાલશ્રીએ મુલાકાત લઈ પ્રાકૃતિક કૃષિ ઉત્પાદનો નિહાળ્યા હતા અને પ્રગતિશીલ ખેડૂતો સાથે સંવાદ કરી પ્રોત્સાહિત કર્યા હતા.

પરિસંવાદમાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વર્તમાન સમયમાં થઈ રહેલી રાસાયણિક ખેતી એ માત્ર વ્યવસાય નથી રહ્યો, પરંતુ એક મોટો ગુનો અને પાપ બની ગયો છે. આપણા પૂર્વજોએ વારસામાં ફળદ્રુપ જમીન આપી હતી, પરંતુ આપણે રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોનો આડેધડ ઉપયોગ કરીને ધરતીને પથ્થર જેવી બંજર બનાવી દીધી છે.

તેમણે ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે, હરિત ક્રાંતિ પૂર્વે ભારતની જમીનમાં ઓર્ગેનિક કાર્બન ૨ થી ૨.૫ ટકા જેટલો હતો, જે આજે રાસાયણિક ખેતીને કારણે અત્યંત નીચે ઉતરી ગયો છે. આધુનિક સમયમાં યુરિયા, ડી.એ.પી. જેવા રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના આડેધડ ઉપયોગને કારણે જમીનનો ઓર્ગેનિક કાર્બન ઘટીને ૦.૫ ટકાથી નીચે આવી ગયો છે, જેને પરિણામે જમીન બિનઉપજાઉ બની રહી છે. એટલે જ ઓછા ખર્ચે વધુ ઉત્પાદન અને રોગમુક્ત સમાજ માટે બેક ટુ નેચર એકમાત્ર ઉપાય છે.

રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું કે, જે જમીનમાં એક સમયે પ્રતિ હેક્ટર માત્ર ૧૩ કિલો નાઈટ્રોજનથી મબલખ ઉત્પાદન થતું હતું, ત્યાં આજે ખેડૂતો એક એકરમાં ૧૩ ગુણી ખાતર નાખવા મજબૂર બન્યા છે. આ




આંધળી દોટને કારણે જમીન, હવા અને પાણી ત્રણેય પ્રદૂષિત થયા છે, ત્યારે પ્રાકૃતિક ખેતી ધરતીમાતા અને ભવિષ્યને સલામત રાખવાનો એકમાત્ર માર્ગ છે.

આજે માતાના દૂધથી લઈને ખેતપેદાશો અને પીવાના પાણી સુધી ઝેર પહોંચી ગયું છે એમ જણાવી રાજ્યપાલશ્રીએ એક સંશોધનનો ઉલ્લેખ કરતા ઉમેર્યું કે, તાજેતરમાં ૧૦૫ માતાઓના દૂધના પરીક્ષણમાં ચોંકાવનારા પરિણામો સામે આવ્યા છે. તમામ માતાઓના દૂધમાં યૂરિયા અને જંતુનાશકોના અંશ જોવા મળ્યા છે. આ ઝેર ખેતરોમાં આપણે નાખેલા રાસાયણિક ખાતરોને કારણે અનાજ અને ફળો દ્વારા માનવ શરીરમાં પ્રવેશી રહ્યું છે, જેના કારણે ૧૦ વર્ષના બાળકો પણ કેન્સર અને ડાયાબિટીસ જેવી જીવલેણ બીમારીઓનો શિકાર બની રહ્યા છે.

પ્રાકૃતિક ખેતીમાં ઉત્પાદન ઘટવાની ભ્રાંતિ દૂર થવી જરૂરી છે એમ સ્પષ્ટપણે જણાવી તેમણે પોતાના અંગત અનુભવો ટાંકતા કહ્યું કે, હરિયાણાના કુરુક્ષેત્રમાં ૨૦૦ એકર જમીનમાં પ્રાકૃતિક ખેતી કરવામાં આવે છે, એક કણ પણ યૂરિયા કે ડીએપી વાપરતો નથી. રાસાયણિક ખેતીમાં પ્રતિ વીઘા ૨૦ થી ૨૫ હજારનો ખર્ચ થાય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં આ ખર્ચ નહિવત છે.

શ્રી દેવવ્રતજીએ સ્પષ્ટતા કરી હતી કે, 'પ્રાકૃતિક ખેતી' એ 'જૈવિક ખેતી'થી સંપૂર્ણપણે અલગ છે. જૈવિક ખેતીમાં ખર્ચ અને મહેનત વધારે હોય છે, જ્યારે પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ નહિવત છે અને ઉત્પાદન ક્ષમતા વધે છે. રાજ્યપાલશ્રીએ પ્રાકૃતિક ખેતી દ્વારા ગુરુકુલની જમીનનો ઓર્ગેનિક કાર્બન ૧.૭ ટકા સુધી પહોંચાડ્યો હોવાનું જણાવી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા હતા.

ધરતી અને ગાયનું જતન એ જ સાચો ધર્મ છે એમ ભારપૂર્વક જણાવી રાજ્યપાલશ્રીએ ઉપસ્થિત સૌને આહવાન કર્યું હતું કે, તેઓ પોતાના ગામના અન્ય ખેડૂતોને પણ આ અભિયાનમાં જોડે.

તેમણે દેશી ગાયના મહત્વ પર ભાર મૂકતા કહ્યું કે, ગાય આધારિત પ્રાકૃતિક ખેતી એ ધરતીના જળસ્તર સુધારવા, પશુ-પક્ષીઓને બચાવવા અને આવનારી પેઢીને સ્વસ્થ જીવન આપવાનો એકમાત્ર માર્ગ છે.

ખેડૂતોને તબક્કાવાર રીતે ગાય આધારિત પ્રાકૃતિક કૃષિ અપનાવવા માટે અનુરોધ કરતા તેમણે જણાવ્યું કે, પોતાના પરિવાર માટે જમીનના એકાદ ભાગમાં પ્રાકૃતિક કૃષિ શરૂ કરો અને તબક્કાવાર તેમાં વધારો કરતો જવો જોઈએ.

પ્રોત્સાહક પરિણામ મળશે, પરિણામે ખેડૂતોનો પ્રાકૃતિક કૃષિ પર ભરોસો વધશે. આવનારી પેઢીઓ માટે ફળદ્રુપ જમીન અને શુદ્ધ પર્યાવરણ બચાવવું એ આપણી નૈતિક ફરજ છે, ત્યારે રાસાયણિક ખેતીના મોહમાંથી બહાર નીકળીને 'ઝેરમુક્ત ખેતી' તરફ વળવા માટે તેમણે દરેક ખેડૂતને અનુરોધ કર્યો હતો.

પ્રારંભે સ્વાગત પ્રવચન કરતા જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાનીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીના પ્રોત્સાહન સાથે વૃક્ષારોપણ અને સ્વચ્છતા જેવા જનહિતના ક્ષેત્રોમાં રાજ્યપાલશ્રીનું યોગદાન અત્યંત પ્રેરણાદાયી અને ઉમદા રહ્યું છે, જેનાથી સમાજમાં સકારાત્મક પરિવર્તનનો સંદેશ વ્યાપી રહ્યો છે. રાજ્યપાલશ્રી તથા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક કૃષિને ઘર-ઘર સુધી પહોંચાડવા જિલ્લા પ્રશાસન દ્વારા પુરજોશમાં અને પ્રતિબદ્ધતાપૂર્વક કામગીરી કરવામાં આવશે.

આ વેળાએ પ્રાકૃતિક ખેતી કરતા સફળ, પ્રગતિશીલ ખેડૂતોએ સ્વ-અનુભવો વર્ણવ્યા હતા. રાજ્યપાલશ્રીએ પ્રગતિશીલ ખેડૂતોને પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિરાલીબેન નાયક, ધારાસભ્ય શ્રી રાકેશભાઈ દેસાઈ, જિલ્લા કલેક્ટરશ્રી મનીષ ગુરવાની, જિલ્લા વિકાસ અધિકારીશ્રી કાર્તિક જીવાણી, જિલ્લા પોલીસ વડા શ્રી રાહુલ પટેલ, પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-ગાંધીનગરના સંયુક્ત ખેતી નિયામકશ્રી એન.જી.ગામીત, પ્રાયોજના વહીવટદાર શ્રી સ્વપ્રીલ સિસલે, નાયબ વન સંરક્ષક સુશ્રી ઉર્વશી પ્રજાપતિ, પદાધિકારી-અધિકારીઓ, સ્થાનિક આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ન્યાય નહી મળે તો અન્ન- જળ ત્યાગીશું: વળતરની માંગ સાથે જેતપર માં ખેડુતોના આમરણાંત ઉપવાસ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મોરબી જિલ્લાના જેતપર ગામમાં ખેડુતો અને વીજ કંપની વચ્ચેનો વિવાદ હવે વધુ ઉગ્ર બનતો જઈ રહ્યો છે. છેલ્લા ૧૫ દિવસથી વિવિધ સ્વરૂપે આંદોલન ચલાવી રહેલા ખેડુતો હવે પોતાના આંદોલનના બીજા તબકકામાં પ્રવેશ્યા છે. સરકાર અને વીજ કંપની દ્વારા તેમની માંગણીઓ પર કોઈ સંતોષકારક નિર્ણય લેવામાં ન આવતા ખેડુતો ગુરૂવાર થી આમરણાંત ઉપવાસ પર બેઠા છે.



ખેડુતોનુ કહેવુ છે કે જયાં સુધી યોગ્ય વળતર અને ન્યાય નહી મળે ત્યાં સુધી તેઓ પોતાનો સંઘર્ષ ચાલુ રાખશે, જેતપર ગામના ખેડુતો લાંબા સમયથી વીજ કંપની સામે વળતરની માંગ સાથે લડી રહ્યા છે. ખેડુતોનો આક્ષેપ છે કે વીજ કંપનીની કામગીરી અને વિવિધ પ્રોજેકટોના કારણે તેમની જમીન, ખેતી અને જીવન નિર્વાહ પર અસર પડી છે. આ નુકશાનના બદલામાં યોગ્ય વળતર આપવાની માંગ સાથે ખેડુતો અનેક દિવસોથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ હજુ સુધી કોઈ નકકર પરીણામ બહાર આવ્યુ નથી.

ખેડુતો દ્વારા અગાઉ વિવિધ પ્રકારના વિરોધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. રજુઆતો, આવેદનપત્રો, વિરોધ સભાઓ અને શાંતિપૂર્ણ પ્રદર્શન જેવા કાર્યક્રમો દ્વારા સરકાર અને સંબંધિત તંત્રનુ ધ્યાન દોરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે ખેડુતોના જણાવ્યા મુજબ તેમની માંગણીઓ અંગે હજુ સુધી કોઈ સકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી.

આ પરિસ્થિતિમાં હવે ખેડુતોએ પોતાના આંદોલનને વધુ તીવ્ર બનાવવાનો નિર્ણય લીધો છે. આંદોલનના બીજા તબકકા તરીકે ગુરૂવારથી આમરણાંત ઉપવાસ શરૂ કરવામાં આવ્યા છે. ઉપવાસ પર બેઠેલા ખેડુતોનુ કહેવુ છે કે આ લડત માત્ર તેમના હક્કો માટે નથી પરંતુ આવનારી પેઢીના ભવિષ્ય માટે પણ છે. ખેડુતોનુ માનવુ છે કે જો તેમની જમીન અને ખેતીને નુકશાન પહોચાડવામાં આવ્યુ હોય તો તેના બદલામાં યોગ્ય અને ન્યાય સંગત વળતર મળવુ જ જોઈએ, આ મુદ્દે સરકાર અને વીજ કંપની બંનેએ જવાબદારી સ્વીકારવી જોઈએ, ખેડુત આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યુ છે કે જો સરકાર અને વીજ કંપની તેમની માંગણીઓ નહી સ્વીકારે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. હાલમાં ખેડુતો શાંતિપૂર્ણ અને લોકશાહી માર્ગે લડત લડી રહ્યા છે. પરંતુ તેમની સહનશકિતની પણ મર્યાદા છે. ખેડુતો દ્વારા એવી ચીમકી પણ આપવામાં આવી છે કે જો યોગ્ય વળતર નહી મળે તો તેઓ ગાંધીગીરી છોડીને સરદારગીરીનો માર્ગ અપનાવશે. આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે ખેડુતો હવે પોતાના હક્કો માટે વધુ આક્રમક વલણ અપનાવવાની તૈયારીમાં છે.

આ નિવેદન બાદ સમગ્ર જિલ્લામાં આંદોલન અંગે નવી ચર્ચા શરૂ થઈ છે. સ્થાનિક સ્તરે પણ ખેડુતોને વ્યાપક સમર્થન મળી રહ્યુ હોવાનુ જાણવા મળી રહ્યુ છે. જેતપર ગામમાં ચાલી રહેલા આંદોલન દરમિયાન ગામલોકોમાં એકતાનો માહોલ જોવા મળી રહ્યો છે. ખેડુતો સાથે તેમના પરીવારજનો અને અન્ય ગ્રામજનો પણ જોડાઈ રહ્યા છે. ઉપવાસ આંદોલન દરમિયાન ગામમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી ખેડુતોને સમર્થન આપી રહ્યા છે. સ્થાનિક લોકોનુ કહેવુ છે કે ખેડુતોની માંગણીઓ વ્યાજબી છે અને તેમની સમસ્યાઓનુ નિરાકરણ લાવવુ સરકાર અને તંત્રની જવાબદારી છે. જો સમયસર ઉકેલ નહી આવે તો આંદોલન વધુ મોટા સ્વરૂપમાં પરીવર્તીત થઈ શકે છે. ખેડુતોનુ માનવુ છે કે તેમની લડત કોઈ રાજકીય મુદ્દો નથી, પરંતુ જીવન અને રોજગાર સાથે જોડાયેલો પ્રશ્ન છે તેથી આ મુદ્દે તાત્કાલીક નિર્ણય લેવો જોઈએ.

### કોંગ્રેસે ખેડૂતોને ગુમરાહ કરવા ગાંધીનગરની વાત કરી પરંતુ પરમિશન અમદાવાદના ઓગણજ સુધીની જ લીધી: પ્રવીણ રામ AAP

# ખેડૂતોનું આંદોલન કઈ રીતે તૂટ્યું એ મુદ્દે AAP નેતા પ્રવીણ રામ, અજીત લોખીલ અને પંકજ રાણસરીયાએ કર્યા ખુલાસા

અમદાવાદ/રાજકોટ/મોરબી

ખેડૂતોના આંદોલન મુદ્દે આજે આમ આદમી પાર્ટી દ્વારા પુરાવા સાથે મોટો ખુલાસો કરવામાં આવ્યો હતો. આમ આદમી પાર્ટીના ફ્રન્ટલ સંગઠન પ્રદેશ પ્રમુખ પ્રવીણ રામ, પ્રદેશ સંગઠન મંત્રી અજીત લોખીલ અને ખેડૂત નેતા પંકજ રાણસરિયાએ રાજકોટ ખાતે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. આ તકે આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ અધ્યક્ષ પ્રવીણ રામે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે અમુક કારણોસર આજે અમારે ગુજરાત કોંગ્રેસ દ્વારા ફેલાવવામાં આવી રહેલી ગેરમાહિતી અંગે સત્ય જનતા સમક્ષ મૂકવું જરૂરી બન્યું છે. અમારી આમ આદમી પાર્ટીની લડત ભાજપ સામે છે. અમે ભાજપની નીતિઓ અને સરકાર સામે પ્રશ્નો ઉઠાવવા માંગીએ છીએ. કોંગ્રેસ સાથે અમારી કોઈ લડાઈ નથી. પરંતુ છેલ્લા છેલ્લા ચાર-પાંચ દિવસથી કોંગ્રેસ સતત આમ આદમી પાર્ટી સામે ખોટા આક્ષેપો કરી રહી છે. તેથી આજે અમારે સત્ય શું છે, હકીકત શું છે, આંદોલન કોણે તોડ્યું અને કયા ખોટા નિર્ણયોના કારણે આંદોલન નિષ્ફળ ગયું તે અંગે પુરાવા સાથે વાત કરવી જરૂરી બની છે. ગુજરાત કોંગ્રેસના નેતાઓએ ખેડૂતોને ગાંધીનગર કૂચનું એલાન આપ્યું હતું. ખેડૂતોને કહેવામાં આવ્યું હતું કે ગાંધીનગર સુધી જવાનું છે. પરંતુ મહત્વની વાત એ છે કે ગાંધીનગર સુધીની રેલી માટે જરૂરી પરવાનગી લેવામાં જ આવી નહોતી. આ એક વાસ્તવિક હકીકત છે. આજે કોંગ્રેસ ભૂલી ગઈ છે કે ગુજરાતમાં સત્તામાં કોણ છે. ખેડૂતોના પ્રશ્નો પર ભાજપનો વિરોધ કરવાની જગ્યાએ કોંગ્રેસ આમ આદમી પાર્ટીનો વિરોધ કરવામાં વ્યસ્ત થઈ ગઈ છે. ભાજપ સામે લડવાની જગ્યાએ તેઓ આમ આદમી પાર્ટી પર આક્ષેપો કરવામાં સમય પસાર કરી રહ્યા છે. ખેડૂતોના હાઈ ટેન્શન લાઈન મુદ્દે શરૂ થયેલા આંદોલન દરમિયાન ખેડૂતોને ગાંધીનગર સુધી જવા દેવામાં આવ્યા નહોતા અને અમદાવાદમાં જ આંદોલન અટકી ગયું. આ કેમ બન્યું, તેના ચાર મહત્વના મુદ્દા છે. પ્રથમ મુદ્દો એ છે કે કોંગ્રેસે ખેડૂતોને ગાંધીનગર કૂચનું એલાન આપ્યું, પરંતુ ગાંધીનગર સુધીની પરવાનગી લીધી જ નહોતી. કોંગ્રેસે માત્ર ઓગણજ સુધીની રેલી માટે પરવાનગી લીધી હતી. જો પરવાનગી જ ન હોય તો આગળ જવા કોણ દે? આ માત્ર આક્ષેપ નથી. અમારી પાસે તેના પુરાવા છે. પોલીસ કમિશનર અમદાવાદ દ્વારા આપવામાં આવેલી પરવાનગીના દસ્તાવેજોમાં સ્પષ્ટ લખેલું છે કે રેલી શાંતિપુરા સર્કલથી બોપલ સર્કલ, શિલજ સર્કલ, ભાડજ સર્કલ થઈને ઓગણજ સુધી જવાની હતી. ત્યારબાદ ત્યાં જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. પરવાનગીના દસ્તાવેજોમાં એ પણ ઉલ્લેખ છે કે જાહેર સભામાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના અધ્યક્ષ અમિત ચાવડા હાજર રહેશે. એટલે સ્પષ્ટ છે કે કોંગ્રેસે ઓગણજ સુધીની જ રેલી અને ત્યાં સભા માટે પરવાનગી લીધી હતી, જ્યારે ખેડૂતોને ગાંધીનગર કૂચના નામે બોલાવવામાં આવ્યા હતા. જ્યારે ખેડૂતોને સમજાયું કે તેમને ગાંધીનગર લઈ જવામાં આવવાના નથી અને કોંગ્રેસની સભામાં રોકવામાં આવી રહ્યા છે, ત્યારે તેમણે નારાજગી વ્યક્ત કરી. ખેડૂતોના પ્રશ્નોના જવાબમાં કોંગ્રેસના નેતાઓએ કહ્યું કે ગાંધીનગર જવાની પરવાનગી મળી નહોતી. 'આપ' નેતા પ્રવીણ રામે વધુમાં જણાવ્યું હતુ કે પ્રશ્ન એ છે કે જો પરવાનગી માગી જ ન હોય તો મળશે કેવી રીતે? જો કોંગ્રેસે ખરેખર ગાંધીનગર સુધી જવાની પરવાનગી માગી હોય અને સરકાર દ્વારા ઈનકાર કરવામાં આવ્યો હોય, તો તે અંગેનો 'ના મંજૂરી' નો લેખિત પત્ર જનતા અને ખેડૂતો સમક્ષ રજૂ કરવો જોઈએ. જો પરવાનગી ન મળી હોય તો સરકારનો ના મંજૂરીનો પત્ર બતાવો. માત્ર મૌખિક દાવાઓથી કામ નહીં ચાલે. કોંગ્રેસે ખેડૂતોને ગેરમાર્ગે દોર્યા હોય તો તે વાત સ્વીકારવી જોઈએ. ખેડૂતો સાથે વિશ્વાસઘાત થયો હોય તો તેની જવાબદારી પણ સ્વીકારવી જોઈએ. ખોટા આક્ષેપો અને ભ્રામક નિવેદનો આપવાની જગ્યાએ કોંગ્રેસે હકીકતો જાહેર કરવી જોઈએ અને ખેડૂતો સમક્ષ સત્ય રજૂ કરવું જોઈએ. કોંગ્રેસના નેતાઓએ બાદમાં એવું કહેવાનું શરૂ કર્યું કે અમે તો માત્ર નાસ્તા માટે રોકાયા હતા. પરંતુ જ્યારે ખેડૂતો પ્રશ્ન પૂછવા લાગ્યા કે અહીં સ્ટેજ શા માટે બનાવવામાં આવ્યું છે? ખુરશીઓ શા માટે ગોઠવવામાં આવી છે? તો તેનો કોઈ યોગ્ય જવાબ તેમની પાસે નહોતો. જો માત્ર નાસ્તા માટે જ રોકાવાનું હતું તો પછી જાહેર સભાની પરવાનગી શા માટે લેવામાં આવી? કાગળ પર જાહેર સભાની મંજૂરી લેવામાં આવી હતી અને તેમાં કોંગ્રેસના નેતાઓના સંબોધનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ સ્પષ્ટ પુરાવો છે કે ત્યાં માત્ર નાસ્તાનો કાર્યક્રમ નહોતો, પરંતુ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના ખેડૂતોને સમજવાની જરૂર છે કે કોંગ્રેસે કેવી હદ સુધી તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. ખેડૂતોના નામે આંદોલન ઊભું કરીને તેમનો ઉપયોગ કરવામાં આવ્યો. ખેડૂતોના ખભા પર બંદૂક રાખીને રાજકીય લાભ લેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જ્યારે પોતાની ભૂલો અને નિષ્ફળતાઓ સામે આવી, ત્યારે તેનો દોષ આમ આદમી પાર્ટી અને અન્ય લોકો પર ઢોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો. જ્યારે ખેડૂતો નારાજ થયા, વિરોધ વ્યક્ત કર્યો અને સવાલો પૂછવા લાગ્યા, ત્યારે કોંગ્રેસે સમગ્ર ઘટનાનો દોષ આમ આદમી પાર્ટી અને પંકજ રાણસરિયા પર નાખવાનો પ્રયાસ કર્યો. જાણે કોંગ્રેસને દિવસ-રાત માત્ર આમ આદમી પાર્ટી જ દેખાતી હોય. તમે ખેડૂતોને અગાઉથી કહ્યું હોત કે કોંગ્રેસની સભામાં જવાનું છે, કોંગ્રેસના ધ્વજ અને બેનરો સાથેનો કાર્યક્રમ છે, તો ખેડૂતો પોતાનો નિર્ણય લઈ શકતા. પરંતુ તેમને ગાંધીનગર કૂચના નામે બોલાવવામાં આવ્યા અને ઓગણજ પાસે જ રોકી દેવામાં આવ્યા. સ્વાભાવિક છે કે ખેડૂતોમાં આક્રોશ ફાટી નીકળે અને તેઓ સવાલો પૂછે. પંકજ રાણસરિયા સામે જે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે, તે સંપૂર્ણપણે ખોટા છે. પંકજ રાણસરિયા કોઈ અચાનક કાર્યક્રમના દિવસે ઉપસ્થિત થયા નહોતા. તેઓ ખેડૂતોના સમર્થનમાં અને સહયોગ આપવા માટે રેલીમાં જોડાયા હતા. જ્યારે ખેડૂતોમાં અસંતોષ ફેલાયો અને તેઓ પ્રશ્નો પૂછવા લાગ્યા, ત્યારે પંકજ રાણસરિયા ખેડૂતોની બાજુમાં ઊભા રહ્યા. એક ખેડૂતપુત્ર તરીકે તેમણે ખેડૂતોની લાગણીઓ અને પ્રશ્નોને અવાજ આપ્યો. શું આ તેમનો ગુનો છે?

# ચુંટણીપંચે લોકસભા ચુંટણીની કરી તૈયારીઓ: લોકસભા ચુંટણી ૨૦૨૯ માટે ચુંટણી પંચે મજબુત યોજના બનાવી: સરકાર પાસેથી રૂ. ૫૦૦ કરોડની કરી માંગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ચુંટણીપંચે ૨૦૨૯ ની લોકસભા ચુંટણી માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ માટે ચુંટણીપંચે કેન્દ્ર સરકાર પાસેથી નવા ઈલેકટ્રોનીક વોટીંગ મશીન (ઈવીએમ) ખરીદવા માટે રૂપીયા ૫૦૦ કરોડથી વધુની વિનંતી કરી છે. આ પગલાના મુખ્ય કારણો મતદાન મથકોની વધતી સંખ્યા અને જુના મશીનો તેમના કાર્યકારી જીવનકાળ ના અંત સુધી પહોચી ગયા છે તે છે,




અહેવાલો અનુસાર ૨૦૨૪ ની લોકસભા ચુંટણી દરમિયાન દેશભરમાં આશરે ૧૦.૫૩ લાખ મતદાન મથકો હતા, ૨૦૨૯ સુધીમાં આ આંકડો વધીને ૧૫.૩૯ લાખ સુધી પહોચવાનો અંદાજ છે. મતદાન મથકોની સંખ્યામાં આશરે ૪૬ ટકાના આ અપેક્ષિત વધારાનો ધ્યાનમાં રાખીને, ચુંટણીપંચનો વધારાના ઈલેકટ્રીક વોટીંગ મશીન (ઈવીએમ) ની જરૂર છે, પંચ લગભગ ૩.૫૭ લાખ બેલેટ યુનિટ (બીયુ) અને ૧.૨૫ લાખ કંટ્રોલ યુનિટ (સીયુ) ખરીદવાની યોજના ધરાવે છે. આ મશીનો ખરીદવાનો કુલ ખર્ચ રૂપીયા ૫૦૦ કરોડથી વધુ થવાનો અંદાજ છે. એવુ જાણવા મળ્યુ છે કે ખર્ચ વિભાગે આ ખરીદી માટે લગભગ રૂપીયા ૫૧૨.૪ કરોડને પહેલા થી જ મંજુરી આપી દીધી છે. હાલમાં ચુંટણીપંચ પાસે લગભગ ૩૦.૭૭ લાખ બેલેટ યુનિટ અને ૨૨.૧૪ લાખ કંટ્રોલ યુનિટ છે.

૨૦૧૩-૧૪ માં ખરીદેલા ઘણા મશીનો ૨૦૨૯ સુધીમાં તેમની નિર્ધારીત ૧૫ વરસની સેવા જીવનકાળ પૂર્ણ કરશે, પરીણામે આશરે ૩.૫૭ લાખ બેલેટ યુનિટ અને ૧.૨૫ લાખ કંટ્રોલ યુનિટ હવે ઉપયોગ માટે ઉપલબ્ધ રહેશે નહી. ચુંટણીપંચના ડેટા અનુસાર ૧૫.૩૯ લાખ મતદાન મથકો માટે ૨૬.૩૧ લાખ બેલેટ યુનિટ અને ૧૯.૨૩ લાખ કંટ્રોલ યુનિટની જરૂર પડશે. રાષ્ટ્રીય અનામત અને અન્ય જરૂરીયાતોનો હિસાબ કરીએ તો , કુલ માંગ વધીને ૩૦.૪૮ લાખ બેલેટ યુનિટ અને ૨૧.૯૨ લાખ કંટ્રોલ યુનિટ થશે. તેમ છતાં આશરે ૩.૨૭ લાખ બેલેટ યુનિટ અને ૧.૦૩ લાખ કંટ્રોલ યુનિટની અછત રહી શકે છે.

રીપોર્ટમાં એવુ પણ જણાવાયુ છે કે જો ભવિષ્યમાં એક રાષ્ટ્ર, એક ચુંટણી યોજના લાગુ કરવામાં આવે તો ઈવીએમની માંગ વધુ વધી શકે છે, એવો અંદાજ છે કે લોકસભા અને વિધાનસભાની ચુંટણીઓ એક સાથે યોજવા માટે આશરે ૪૮ લાખ બેલેટ યુનિટ, ૩૫ લાખ કંટ્રોલ યુનિટ અને ૩૪ લાખ વીવીપેટ મશીનોની જરૂર પડશે. આનાથી ખર્ચ રૂપીયા ૫,૩૦૦ કરોડ થી વધુ થઈ શકે છે. ચુંટણી પંચનો ઉદેશ માર્ચ ૨૦૨૭ સુધીમાં નવા મશીનોનુ ઉત્પાદન અને પુરવઠો પૂર્ણ કરવાનો છે. જેથી ૨૦૨૯ ની ચુંટણીઓની તૈયારીઓમાં કોઈ અવરોધ ન આવે.

# ગુજરાતમાં નકલીની બોલબાલા: હવે કપડાં ધોવાનો પાવડર પણ નકલી: એરીયલ પાવડર વાપરનારા સાવધાન રહે: ગુજરાતમાં ઝડપાયુ નકલી એરીયલ પાવડરનું ગોડાઉન

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયમાં છેલ્લા કેટલાક સમયથી નકલી ખાદ્ય પદાર્થોથી લઈને અનેક ચીજ વસ્તુઓ પકડાવવાનો સીલસીલો યથાવત છે, ત્યારે હવે સુરતમાંથી કપડાં ધોવાનો નકલી પાવડર બનાવવાનુ મોટુ કૌભાંડ બહાર આવ્યુ છે.

સુરતની ઉત્રાણ પોલીસે એક ગોડાઉન પર દરોડો પાડીને જાણીતી બ્રાન્ડ એરીયલના નામે ડુપ્લીકેટ પાવડર બનાવતી ફેકટરીનો પર્દાફાશ કર્યો છે. આ મામલે પોલીસે ઘટનાસ્થળેથી ૩ આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મળેલી માહિતી મુજબ સુરતના મોટા વરાછાથી આઉટર રીંગ રોડ તરફ આવેલા એક ગોડાઉનમાં બ્રાન્ડેડ કંપનીના નામે નકલી વોશીંગ પાવડર બનાવવામાં આવી રહ્યો હોવાની ચોકકસ બાતમી મળી હતી. જેના આધારે એરીયલ કંપનીના મેનેજર અને ઉત્રાણ પોલીસની ટીમે સંયુકત રીતે આ ગોડાઉન પર અચાનક દરોડો પાડયો હતો. પોલીસની આ રેડ દરમિયાન ગોડાઉનની અંદર ચાલી રહેલુ ડુપ્લીકેશન નુ મોટુ નેટવર્ક જોઈને અધિકારીઓ પણ ચોકી ઉઠયા હતા. આ ગોડાઉનમાં છેલ્લા ઘણા સમયથી બ્રાન્ડેડ કંપનીના નામે નકલી પાવડર તૈયાર કરીને તેને બજારમાં અસલી તરીકે વેચવાનુ કૌભાંડ ચાલી રહ્યુ હતું. ગ્રાહકોને છેતરીને અસલી બ્રાન્ડના નામે આ નકલી પાવડર પધરાવી




દેવામાં આવતો હતો. પોલીસે દરોડા દરમિયાન ગોડાઉનમાંથી મોટી સંખ્યામાં મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જેમાં એરીયલ કંપનીના લોગોવાળા ખાલી અને ભરેલા ડબ્બા, કંપનીના નકલી સ્ટીકરો અને પેકીંગ માટેના બોક્ષ અને અન્ય રો-મટીરીયલ્સ મળી આવ્યા હતા. પોલીસે ગોડાઉનમાંથી તમામ મુદ્દામાલ જપ્ત કરી લીધો હતો અને આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ ૩ આરોપી શખ્સોની અટકાયત કરી છે. આ નકલી પાવડર કયાં કયાં સપ્લાય કરવામાં આવતો હતો અને આ રેકેટમાં અન્ય કેટલા લોકો સામેલ છે, તે દિશામાં પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### પ્રેમલગ્ન બાદ તુટી ગયા સંબંધોઃ સુરતમાં અતિથિ ગૃહમાં જીવન ટુંકાવ્યુઃ ૨ વરસની દિકરી માટે સૌથી મોટો સંઘર્ષ

## પ્રેમ લગ્નનો કરૂણ અંજામ? રઝળી પડી ૨ વરસની દિકરીઃ સુરતમાં ૩ દિવસથી કોલ્ડ રૂમમાં પડયો છે ૨૨ વરસની યુવતિનો મૃતદેહ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતમાંથી એક કરૂણ ઘટના સંબંધો, સામાજિક સ્વીકાર અને માનવતાને લઈને અનેક સવાલો ઉભા કરી રહી છે, માત્ર ૨૨ વરસની એક યુવતિના મોતને ૩ દિવસ વીતી ગયા હોવા છતાં તેના અંતિમ સંસ્કાર માટે પીયર કે સાસરી પક્ષમાંથી કોઈ આગળ આવ્યુ નથી, પરીણામે યુવતિનો મૃતદેહ હજુ સુધી હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો છે અને પોલીસ બંને પક્ષના પરીવારજનોનો સંપર્ક કરીને મૃતદેહ સ્વીકારવા માટે સમજાવટ કરી રહી છે.



આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ ચર્ચાનો વિષય માત્ર યુવતિનુ મૃત્યુ નથી, પરંતુ તેના મોત બાદ પણ પરીવારજનો દ્વારા દર્શાવવામાં આવેલી ઉદાસીનતા છે, તો બીજી તરફ યુવતિની બે વરસની માસુમ દિકરી હવે માતા અને પિતા બંનેની છત્રછાયા ગુમાવી અનિશ્ચિત ભવિષ્ય સામે ઉભી છે, મળતી માહિતી મુજબ ભાવનગરના નારી રોડ વિસ્તારમાં આવેલી ગીરનાર સોસાયટીમાં રહેતી ૨૨ વર્ષીય રીના અક્ષય બારૈયાએ ૩ વરસ અગાઉ પરીવારની મરજી વિરૂધ્ધ પ્રેમલગ્ન કર્યા હતા, પરીવારની અસંમંતિ વચ્ચે કરાયેલા આ લગ્ન બાદ પીયર અને સાસરી પક્ષ સાથેના સંબંધોમાં અંતર આવી ગયુ હતુ, રીનાના જીવનમાં મુશ્કેલીઓનો અંત અહી આવ્યો ન હતો, ૪ મહિના પહેલા જ તેના પતિનુ કીડની સંબંધિત બિમારીના કારણે અવસાન થયુ હતું. પતિના મોત બાદ તે પોતાની નાની દિકરી સાથે સંપૂર્ણપણે એકલી પડી ગઈ હતી, આર્થિક અને માનસિક સંઘર્ષ વચ્ચે તેણે પરીવારનો સહારો મેળવવાનો પ્રયાસ કર્યો હોવાના અહેવાલો છે. પરંતુ તેને અપેક્ષિત સહકાર મળ્યો ન હતો,

પ્રાથમિક માહિતી અનુસાર રીના ૧૫ જુનના રોજ સુરત આવી હતી, બાદમાં તેણે એક અતિથિ ગૃહના રૂમમાં ઝેરી દવા પી લીધી હતી, ઘટનાની જાણ થતા તેને સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ તેનુ મોત નિપજયુ હતુ , તપાસ દરમિયાન જાણવા મળ્યુ હતુ કે ઝેરી દવા પીધા બાદ તેણે ફોન પર પોતાના પિતાને ઘટનાની જાણ કરી હતી, જો કે ત્યારબાદ તેની સ્થિતિ વધુ ગંભીર બની ગઈ હતી, પોલીસે સમગ્ર ઘટનાની તપાસ શરૂ કરી છે અને કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી છે.

ઘટનાનો સૌથી કરૂણ પાસો એ છે કે યુવતિના મૃત્યુ બાદ તેના મૃતદેહ ને સ્વીકારવા માટે કોઈ પરીવારજન આગળ આવ્યુ નથી, પોલીસ દ્વારા સંપર્ક કરવામાં આવતા પીયર અને સાસરી પક્ષ તરફથી મૃતદેહ સ્વીકારવામાં અનિચ્છા દર્શાવવામાં આવી હોવાનુ જાણવા મળ્યુ છે. આ પરિસ્થિતિને કારણે યુવતિનો મૃતદેહ હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો છે. પોલીસ અને સ્થાનિક તંત્ર હજુ પણ બંને પક્ષોને સમજાવવાનો પ્રયાસ કરી રહી છે. જેથી અંતિમ સંસ્કાર પરીવારજનોની હાજરીમાં થઈ શકે. આ સમગ્ર ઘટનામાં સૌથી વધુ અસર યુવતિની આશરે બે વરસની દિકરી પર પડી છે. ૪ મહિના પહેલા પિતાનુ અવસાન અને હવે માતાનુ મૃત્યુ થતા બાળકી સંપૂર્ણપણે અનાથ બની ગઈ છે. હાલ બાળકીને સુરતની એક માન્યતા પ્રાપ્ત બાળસંભાળ સંસ્થામાં રાખવામાં આવી છે. બાળકીની સંભાળ માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી રહી છે. કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ થયા બાદ તેના ભવિષ્ય અંગે ચાઈલ્ડ વેલફેર કમિટી અને સંબંધિત તંત્ર નિર્ણય લેશે.

પોલીસના જણાવ્યા અનુસાર મૃતદેહ અંગે નિયમ મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. જો નિર્ધારીત સમય મર્યાદામાં કોઈ સગા મૃતદેહ સ્વીકારવા આગળ નહી આવે તો કાયદાકીય જોગવાઈઓ અનુસાર અંતિમ સંસ્કારની કાર્યવાહી કરવામાં આવશે. તો બીજી તરફ બાળકીના ભવિષ્યને લઈને પણ કાયદાકીય પ્રક્રિયા મહત્વની રહેશે. જો કોઈ સગા કાયદેસર રીતે તેની જવાબદારી લેવા ઈચ્છા દર્શાવે તો સંબંધિત અદાલત અને બાળકલ્યાણ સમિતિના નિયમો અનુસાર નિર્ણય લેવામાં આવશે.

## યુવાન, યુવતીઓ મજબૂરીમાં ખોટા રસ્તે ચઢે છે ત્યારે??

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત શહેરમાંથી પોલીસની રેડ દરમ્યાન અનેક યુવાન, યુવતીઓ હોટલો, ગેસ્ટ હાઉસો વિગેરેમાંથી અનૈતિક ધંધા કરતાં પકડાતાં હોય છે. પરંતુ આજ યુવતીઓ મજબૂરી અને લાચારીમાં આ અનૈતિક ધંધામાં વરેલી હોય છે. આ યુવતીઓ પૈકીની મોટાભાગની યુવતીઓ શિક્ષિત અને કામધંધા વગરની બેકારીના કારણે અને કામ ના મળવાને લીધે ઘરમાં ચુલો સળગાવવો પણ જેમના માટે કઠીન હોવાથી ઘરમાં ગરીબી ચાડી ખાતી હોય છે.

આવી મજબૂરીમાં પોતાના પરિવારને બે સમયનું ભોજન પણ પ્રાપ્ત થતું નથી ત્યારે બે સમયના ભોજન માટે આવા અનિચ્છિય ધંધા તરફ વળતી હોય છે. જેમાં એની ગરીબી અને મજબૂરી મહત્વના હોય છે.

આમાં ખાસ કરીને રાજકારણીઓ અને ઉચ્ચ અધિકારીઓ ભ્રષ્ટાચાર આચરીને પૈસા પાત્ર બન્યા હોય તેઓ અને તેમના વંઠેલા નબીરાઓ આવી મજબૂર યુવતીઓનો ભરપૂર લાભ ઉઠાવતા હોય છે. અને આવા અનૈતિક ધંધાઓમા પૈસાના જોરે યુવતીઓને મોજ શોખનું સાધન બનાવી દીધું છે. અને આ રીતે તેઓની મજબૂરીનો ભરપૂર લાભ ઉઠાવે છે.

આની અંદર ખાસ કરીને રાજકારણીઓ, ઉદ્યોગપતિઓ,ઉચ્ચ અધિકારીઓ આવા મોજશોખ માટે વિદેશોમાં પણ જઈને મોજ મજા કરતાં હોય છે. દેશમાં વધી રહેલા નશાખોરીના કારણે યુવાનો નશાના રવાડે ચઢી જાય છે.કારણકે કોઈ કામ ધંધો કે નોકરી ના હોય અને અસહ્ય મોંઘવારીમાં જીવન જીવવા કોઈ સાધન ના હોય આ સંજોગોમાં યુવાનો નશાના રવાડે ચડીને પોતાનું જીવન બરબાદ કરે છે.

દેશમાં ચાલી રહેલી કારમી મોંઘવારીમાં પરિવારને ચલાવવું અસહ્ય થઈ પડેલું છે ત્યારે દેશમાં કરોડોની સંખ્યામાં શિક્ષિત ઉમેદવારો બેરોજગાર છે. અને આવી બેરોજગારીના કારણે આવા નશા ના રવાડે ચડતા યુવાનોને મજબૂરી અંગે પૂછવા પણ કોઈ તૈયાર નથી. રાજકારણીઓ, ઉચ્ચઅધિકારીઓ એ ભ્રષ્ટાચારથી મેળવેલ નાણાંથી યુવતીઓને આવા અનૈતિક ધંધે વાળવા મજબૂર કરે છે. આજદિન સુધી આવા મજબૂરીમાં શિકાર બનેલી શિક્ષિત યુવતીઓને કોઈએ પૂછ્યું ખરું કે તેઓ આવા દળદળમાં કેમ ફસાય છે? દેશમાં રાજકારણીના કારણે અધિકારીઓ ભ્રષ્ટાચારી બને છે. અને આવા ભ્રષ્ટ અધિકારીઓના કારણે કરોડો રૂપિયાના ડ્રગ્સ પકડાય છે. જો યુવાન, યુવતીઓને સમયસર કામધંધો, નોકરી, રોજગાર મળે તો આવા વ્યવસાયમાં શા માટે પડે?

## બોલો હવે અયોધ્યા પછી, મથુરાના શ્રીકૃષ્ણ જન્મભૂમિની તિજોરીમાંથી કરોડોના દાગીનાની થઈ ચોરી

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

અયોધ્યાના રામ મંદિરના લાખો રૂપિયાની ચોરીનો મામલો તાજો જ છે ત્યારે મથુરાના પ્રખ્યાત સંત દિનેશ ફલાહારીએ યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને પત્ર લખીને આરોપ લગાવ્યો છે કે મથુરાના શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિરની તિજોરી (તોષા ખાના) માંથી હજારો કરોડોના દાગીના અને દાન ચોરાઈ ગયા છે.

આ મામલો અયોધ્યાની પરિસ્થિતિનું પ્રતિબિંબ છે. અયોધ્યામાં રામ મંદિરના દાન અંગે કથિત ગેરરીતિ અને છેતરપિંડીનો વિવાદ થોડો શાંત થયો ન હતો ત્યારે મથુરાના શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિરમાંથી દાનની મોટા પાયે ચોરીનો એક સનસનાટી ભર્યો મામલો સામે આવ્યો છે. આ મામલાના મુખ્ય ફરિયાદી પંડિત દિનેશ ફલાહારીએ મંદિરની તિજોરીમાંથી હજારો કરોડ રૂપિયાના દાન, સોના- ચાંદીના દાગીના અને કિંમતી વસ્તુઓની ચોરી અંગે ગંભીર આરોપો લગાવીને મથુરા મંદિર વહીવટ અને તે સમયના સંચાલકોને કઠેડામાં ઊભા કર્યા છે. અને પંડિત દિનેશ ફલાહારીએ યુપી મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને સમગ્ર મામલાની તાત્કાલિક સીબીઆઈ દ્વારા ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.

મીડિયા અહેવાલો અનુસાર, જ્યારે મંદિરનો ઐતિહાસિક તિજોરી (તોષાખાના) ઘણા દાયકાઓ પછી તાજેતરમાં ખોલવામાં આવ્યો ત્યારે તેમણે જે જોયું તેનાથી દરેક ચોંકી ગયા. એવો આરોપ છે કે તિજોરીમાં રાખવામાં આવેલી પેટીઓ સંપૂર્ણપણે ખાલી હતી અને દેશ-વિદેશના રાજાઓ, મહારાજાઓ અને ભક્તો દ્વારા દાનમાં આપવામાં આવેલા અમૂલ્ય હીરા, રત્નો અને સોનાના દાગીના માટેના બોક્સમાંથી કોઈ સામગ્રી મળી આવી ન હતી. અને વધુમાં મંદિરની ઘણી સ્થાવર અને જંગમ સંપત્તિઓ સંબંધિત આવશ્યક દસ્તાવેજો પણ રહસ્યમય રીતે ગુમ થયા હોવાનું જાણવા મળ્યું છે.

આમ મથુરામાં પણ “રામ મંદિર દાન ચોરી” જેવી ઘટના ના દાવાઓએ ફરી એકવાર ઉત્તરપ્રદેશના ધાર્મિક રાજકારણ અને મંદિર વહીવટની પારદર્શિતા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. જે લોકોની ભગવાન ઉપરની આસ્થા ઉપર સીધા ઘા સમાન છે.

## અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશનમાં સામુહિક રાજીનામાનો મોટો દોરઃ જુનિયર કલાર્ક સહિત વર્ગ ૩ ના ૨૦ કર્મચારીઓએ નોકરી છોડી

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ મહાનગર પાલિકાના મહેસુલ અને વહિવટી વિભાગમાં આજે શુક્રવારે એક અભુતપૂર્વ સ્થિતિ સર્જાઈ હતી. સામાન્ય રીતે સરકારી કે અર્ધસરકારી નોકરી મેળવવા માટે યુવાનો તનતોડ મહેનત કરતા હોય છે. ત્યારે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં ચાલુ નોકરીએ થી ૨૦ જેટલા કર્મચારીઓએ રાજીનામા આપી દેતા સમગ્ર વહિવટી તંત્ર સ્તબ્ધ થઈ ગયુ છે.




આ સામુહિક રાજીનામા પાછળ કોઈ આંતરીક વિવાદ કે તંત્રનો ત્રાસ નથી, પરંતુ કર્મચારીઓનો વ્યકિતગત વિકાસ જવાબદાર છે, છેલ્લા કેટલાક સમયગાળામાં ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ અને રાજય સરકારના અન્ય બોર્ડ દ્વારા લેવાયેલી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓના પરીણામો જાહેર થયા છે. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના આ ૨૦ કર્મચારીઓ, જેમાં જુનીયર કલાર્ક અને સહાયક ટેકનીકલ સુપરવાઈઝર સામેલ છે, તેઓ આ સરકારી ભરતીઓમાં મેરીટ લીસ્ટમાં આવી ગયા છે. મહાનગરપાલિકાની નોકરી કરતા રાજય સરકારના સચિવાલય કે અન્ય વિભાગોમાં વધુ સારો પગાર સ્કેલ, પ્રમોશનની તકો અને કાયમી સિકયોરીટી મળતી હોવાના કારણે આ કર્મચારીઓએ એક સાથે પોતાના રાજીનામા પત્ર સત્તાધારી મંડળને સોંપી દીધા છે. તો બીજી તરફ આ ૨૦ કર્મચારીઓની સાથે સાથે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા અન્ય બે સીનીયર અધિકારીઓએ વયમર્યાદા કે અંગત કારણોસર સ્વૈચ્છિક નિવૃત્તિ (વીઆરએસ )ની માંગણી કરી છે. જેને પણ તંત્ર દ્વારા સત્તાવાર મંજુરી આપી દેવામાં આવી છે. એક સાથે ૨૦ થી વધુ જગ્યાઓ ખાલી પડતા કોર્પોરેશનના રોજના વહિવટી કામો પર આંશિક અસર પડવાની સંભાવના છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં જયારે સુપરવાઈઝર અને કલાર્ક ની કામગીરી ખુબ મહત્વની હોય છે. આ ખાલી પડેલી જગ્યાઓને ભરવા માટે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન આગામી દિવસોમાં વેઈટીંગ લીસ્ટમાંથી ઉમેદવારોને બોલાવે છે કે નવી સીધી ભરતી પ્રક્રિયા હાથ ધરે છે તેના પર સૌની નજર મંડાઈ છે.

## પોલિટેકનિક કોલેજની મહિલા પ્રોફેસર સહિત બે લોકો સાથે યુકેના વર્ક વિઝાના નામે ૩૪.૩૯ લાખની ઠગાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સરકારી પોલિટેકનિક કોલેજની મહિલા પ્રોફેસર અને તેની ફ્રેન્ડ સાથે ઈંગ્લેન્ડમાં ઓફિસ ધરાવી વિઝાનું કામ કરતા શખ્સે છેતરપિંડી આચરી છે. આરોપીએ યુકેના વર્ક પરમિટ વિઝાનું કામ લઈને બંને મહિલા પાસેથી ટુકડે ટુકડે ૩૫.૦૨ લાખ મેળવી લીધા હતા. જે બાદ વિવિધ બહાના બતાવીને કામ ન કરી આપીને એકાઉન્ટ ક્લોઝર એગ્રીમેન્ટ મોકલી આપીને માત્ર ૬૨ હજાર પરત આપ્યા હતા. લાંબા સમયથી આરોપીએ કુલ રૂ. ૩૪.૩૯ લાખ પરત ન આપીને છેતરપિંડી આચરતા આ મામલે સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. દક્ષિણ ગુજરાતમાં આવેલી એક સરકારી પોલિટેકનિક કોલેજમાં લેક્ચરર તરીકે કામ કરતી મહિલાને વિદેશ જવાની તમન્ના હતી. જેથી વર્ષ ૨૦૨૪માં તેણે ઓસ્ટ્રેલિયાની વર્ક પરમિટ માટે વિઝા લેવા બાબતે અમદાવાદમાં રહેતી સ્કૂલ ફ્રેન્ડને વાત કરી હતી. સ્કૂલ ફ્રેન્ડે ઈમિગ્રેશનનું કામ કરતા જૂના પાડોશીને આ બાબતે વાત કરી હતી. પરંતુ વય મર્યાદાના કારણે વિઝાનું કામ થયું નહોતું. જેથી ત્યારબાદ મહિલાને યુકેના વર્ક વિઝા માટે વાત કરતા તેણે સહમતી દર્શાવી હતી. આ દરમિયાનમાં ઈંગ્લેન્ડમાં વારાહી ગ્રૂપ લી. નામની ઓફિસ ધરાવતા ધવલ ગડાણી સાથે સંપર્ક થયો હતો. તેણે વોટ્સએપ ગ્રૂપ બનાવીને પ્રોસેસ અને પેમેન્ટ સહિતની વાતો કરી હતી. જે બાદ બે લોકોનો ૫૦ લાખ ખર્ચ જણાવ્યો હતો.




## કેન્દ્રીય મંત્રી ભુપેન્દ્ર યાદવે ગાંધીનગરમાં વિદ્યા સમીક્ષા કેન્દ્રની મુલાકાત લીધીઃ શિક્ષણ મંત્રી વાજાની ગેરહાજરી

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવે આજે શુક્રવારે ગાંધીનગર સ્થિત વિદ્યા સમીક્ષા કેન્દ્ર -ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ફોર સ્કુલ્સ ની મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન શિક્ષણ મંત્રી વાજા ની ગેરહાજરી રહેતા ચર્ચાનો વિષય બનવા પામ્યો હતો. મંત્રી વાજા ને ગેર હાજર રાખવા પાછળનુ કારણ શું તેવા અનેક સવાલો ઉઠી રહ્યા હતા,



કેન્દ્રીય વન અને પર્યાવરણ મંત્રી ભુપેન્દ્ર યાદવની મુલાકાત દરમિયાન તેમણે વિદ્યા સમીક્ષા કેન્દ્રની અત્યાધુનિક વિડીયો વોલના માધ્યમથી સમગ્ર કાર્યપધ્ધતિનુ જીવંત નિરીક્ષણ કર્યુ હતું અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ સાથે સર્વગ્રાહી ચર્ચા કરી હતી, શિક્ષણ વિભાગના અગ્ર સચિવ મીલીન્દ તોરવણે એ કેન્દ્રીય મંત્રીને આ કેન્દ્રની અત્યાધુનિક ટેકનોલોજી અને રીઅલ ટાઈમ ડેટા મોનીટરીંગ સિસ્ટમ વિશે વિગતવાર માહિતી પુરી પાડી હતી. મુલાકાત બાદ પોતાના પ્રતિભાવમાં કેન્દ્રીય મંત્રી યાદવે જણાવ્યુ હતુ કે શિક્ષણ માત્ર અક્ષરજ્ઞાન પુરતુ મર્યાદીત ન રહેતા, આવનારા ભારતના ગુણાત્મક વિકાસનો વિષય બને તેવો વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો સ્પષ્ટ અભિગમ છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર એ શિક્ષણમાં ગુણાત્મક સુધારા લાવવા માટેનુ એક ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. મંત્રીએ વિદ્યા સમીક્ષા કેન્દ્ર ના મોનીટરીંગ ડેશબોર્ડની પ્રશંસા કરતા જણાવ્યુ હતુ કે આ મોડેલ સમગ્ર દેશ માટે પ્રેરણાદાયી છે અને ભારતના અન્ય રાજયો પણ હવે આ સફળ પધ્ધતિ અપનાવી રહ્યા છે.

વિદ્યા સમીક્ષા કેન્દ્ર આગામી સમયમાં ભારતના આધુનિક શિક્ષણના મુખ્ય કેન્દ્ર તરીકે ઉભરી આવશે, તેવો તેમણે દ્રઢ વિશ્વાસ વ્યકત કર્યો હતો.

કેન્દ્રીય મંત્રી યાદવે વધુમાં કહ્યુ હતુ કે આ મુલાકાત તેમના માટે પણ ડેટા મેનેજમેન્ટ ક્ષેત્રે નવુ જાણવા અને શીખવા માટેની એક મોટી તક હતી. ડેટાના સચોટ વિશ્લેષણ દ્વારા વિદ્યાર્થીઓ શાળા કેમ છોડી રહ્યા છે ? તેના ચોકકસ કારણો જાણીને તેને દુર કરવા માટે જરૂરી નીતી વિષયક નિર્ણયો લેવામાં આ કેન્દ્ર અત્યંત મહત્વની ભુમિકા ભજવી રહ્યુ છે. આ મુલાકાત દરમિયાન કેન્દ્રીય મંત્રીએ અટલ ટીંકરીંગ લેબ, એસટીઈએમ અને ગુણવત્તાયુકત લાઈબ્રેરી જેવા પ્રગતિશીલ વિષયો પર શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે હકારાત્મક પરામર્શ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે વિદ્યા સમીક્ષા કેન્દ્ર દ્વારા સરકારી શાળાઓના વિદ્યાર્થીઓની ઓનલાઈન હાજરી અને શિક્ષકો દ્વારા આપવામાં આવતા શિક્ષણની ગુણવત્તાનુ અસરકારક રીતે મોનીટરીંગ કરવામાં આવે છે. પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વાંચન, સ્પષ્ટ ઉચ્ચારણ અને નવા વિષયોના જ્ઞાનમાં કેવી રીતે વૃધ્ધિ થાય છે તેનુ મુલ્યાંકન અહીં સંપૂર્ણ વૈજ્ઞાનિક અને ટેકનોલોજીકલ ઢબે કરવામાં આવે છે.

આ મુલાકાત વેળાએ રાજય સભાના સાંસદ રાજેશ શુકલા, ગાંધીનગર મહાનગરપાલિકા મેયર મીરાબેન પટેલ, ગાંધીનગર ઉત્તરના ધારાસભ્ય રીટાબેન પટેલ, આશિષભાઈ દવે સહિતના મહાનુભાવો તેમજ શિક્ષણ વિભાગના વરીષ્ઠ અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.